શ્રી.

નૂતન શ્રંગાર શતક.

નવલ કથા.

પ્રથમ ભાગ.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.

શુકલ કલ્યાણજી પ્રાણજીવન

હૈદ્રાબાદ-સીંધ.

કરાચી.

પ્રવાસી પ્રીન્ટીંગ પ્રેસમા હીરજી ગોવીંદજીએ છાપી.

સંવત ૧૯૬૮. ઇ. સ. ૧૯૧૨.

મુલ્ય ૦-૬-૦.

શ્રી.

નૂતન શ્રૃંગાર શતક.

નવલ કથા.

પ્રથમ ભાગ.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.

શુકલ કલ્યાણજી પ્રાણજીવન

હૈદ્રાબાદ-સીંધ.

કરાચી.

પ્રવાસી પ્રીન્ટીંગ પ્રેસમાં હીરજી ગોવીંદજીએ છાપી.

સંવત ૧૯૬૮. ઈ. સ. ૧૯૧૨.

મુલ્ય ૦-૬-૦.

આભાર.

આ નવલ કથાના આરંભમાં મી. સીતલદાસ આસુદામલે જે કાંઇ મને મદદ આપી છે, જેનો બદલો આપવા હું સમર્થ નથી તેથી પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે કે તેની જીંદગી નિરંતર સુખી રહે.

॥परोपकाराय सतां विभूतयः॥

શ્રી. શુકલ કલ્યાણજી પ્રાણજીવન
ગ્રંથ કર્તા.

અર્પણ પત્રિકા.

રા. રા. મી. ખુબચંદ તેજભાનદાસ મ્ક્ષીડર.

કરાચી.

આપના તથા મારા સ્નેહની અપુર્વ પ્રેમ ગ્રંથી જોડાયા અનંતર આપે જે કાંઇ મારી તરફ પ્રેમની લાગણી દર્શાવી છે.જેથી હુ મારા આત્માને કૃત્ય કૃત્ય માનું છું. ખરૂં જોતાં આત્માનું ઐકય છે તોયપણ સામાન્ય વિશેષ ભાવથી મેં મારી બુદ્ધી અનુસાર બનાવેલા આ ગ્રંથને આપના કરકમલમાં અર્પણ કરૂં છું તે કૃપા કરી સ્વીકારશોજ.

ઇશ્વર પ્રતિ મારી પ્રાથના છે કેઃ—

પુષ્પી તાગ્રા વૃત.

પ્રતિદીન રહે આપનીજ આવી,
ચડતી વિધુરીવ જેમ શુકલ પક્ષે.
અતિ તવ થાય દઇવ ભાવિ,
વળી સુખના દીન જાય પ્રેક્ષણાક્ષે. ૧.

લી. શુકલ કલ્યાણજી પ્રાણજીવન.

ગ્રંથ કર્તા.

પ્રસ્તાવના.

પ્રભાત વર્ણન માલીની છંદ.

કુમુદ વન સખીશું અસ્ત થાતું જણાયે. કમળવન સખીશું શોભતુ રમ્ય થાયે.
ઘુઘડ ગભરાતો ઉંઘતો ખાય થાક. પ્રબળ બની સુહર્ષે માલતો ચકવાક. ૧
ઉદય અહીમ રશ્મી થાયછે જગતમાંતો, સુખદ સુશીત રશ્મિ જાયછે અસ્તનેતો.
હત વિધિ લસીતોના વેશ આવા જણાય, પતિ વિરહી વનીતા ઘેલી ઘેલીજ થાયર

આ અવનીમાં જો આપણે સંસારની ખટપટ તથા સંસારનુ સુખ, અને અપર માતાનો સ્નેહ, પતિ પત્નીનો પ્રેમ, સદસદ કર્મના ફલ વગેરે બાબતો પ્રત્યક્ષ કરતા ભુલ્યા હોઇયે તો તે સર્વ આની અંદરજ જણાઇ આવશે. આ પુસ્તકની અંદર શ્રંગારને પ્રાધાન્ય પદ આપવામાં આવ્યું છે અને શ્રંગારીક શબ્દોથી અલકૃત કરવામાં આવ્યુ છેઅતએવ આ મારા લઘુ લેખને મારા પ્રેમી દેશબંધુઓ વાંચી મને કૃત્ય કૃત્ય કરશે એવી આશા રાખુ છું ભાઇઓ હસતાના? કારણ કે હું કોઇ એવો મોટો લેખક નથી કે રમણીય શબ્દો ગોઠવી મોટો લેખ લખી શકુ પણ હુંતો માત્ર લેખકોનો અને કવીઓનો દાસાનુદાસ છું. તોયપણ હું મારા ભારતીય દેશ બંધુઓને હાસ્ય પદાર્થમાં ઉપયોગ માટે આ પુસ્તક અર્પણ કરૂં છુ આ પુસ્તક બે વર્ષ પહેલા એટલે મારી ૧૮ વર્ષની વયે મારા હાથેથી લખાયેલું છે ભાઇઓ તમો વીચારશો કે એક અઢાર વર્ષનો ઉછરતો લેખક વિશેષ શું લખી શકે.

લી. શુકલ કલ્યાણજી પ્રાણજીન.

ગ્રંથ કર્તા.

શ્રી નૂતન શ્રંગાર શતક.

પ્રકરણ પહલું,

દ્રશ્ય પદાર્થની ચટપટી.

અનેક વનો ફરતો ફરતો અગાધ વૃક્ષવારા અઘોર વનમાં આવ્યો તે વનમાં મેં પ્રવેશ કર્યો કે તરત મારી ઘણા દીવસની ક્ષુધા શાંતીને પામી સંકલ્પ વિકલ્પ રૂપી ત્રષ્ણા દુર થઇ મેં શાંતીના સરોવરમાં પ્રવેશ કર્યો હોયની શું! તેની માફક તે રમણીય વનમાં મને અત્યંત આનંદ મળ્યો આનંદ સુધાને પ્રાપ્ત કરી ચારે તરફ ફરવા લાગ્યો ફરતાં મેં તે વનની અત્યંત રમણીય જગ્યાઓ જોઇ આસ્તે આસ્તે વનનાં અંતને મળ્યો કે તરત મેં સુંદીર સરોવર દીઠું આ સરોવરની અંદર સ્વાભાવીક સૌંદર્યતાને પ્રાપ્ત થએલાં કમળો ખીલી રહ્યાં છે, રાજ હંસો એક કમલ ઉપરથી બીજા કમલ ઉપર આનંદની લહેરોમાં ઝુકી રહ્યાં છે. આ અવર્ણનીય સરોવરની શોભા જોઇ આશ્ચર્યને પ્રાપ્ત થયો. સરોવરના કીનારા ઉપર રહેલી બતકો સામેના કીનારા ઉપરથી પોતાનાં બચ્ચાંઓને

બોલાવવા લહેરોની સાથે સંદેશો આપતીઓ હોયનીજ શું! એવો મુની આભાસ થયો.

આ સરોવર ઉપર કિન્નર વિદ્યાધરોની સ્ત્રીઓ જલક્રીડા કરવા સારૂ પોતાના પતીઓની સાથે રત્ન જડિત વિમાનોમાં બેસીને આવે છે હાથીઓ ત્રષાતુર ન છતાં યુવતીઓના સ્તનના ઉપર લગાડેલા કેસરથી સુવાસિત થએલા જલને પોતે પીએ છે. અને સૂંઢથી પોતાની સ્ત્રીઓ જે હાથણીઓ તેને પાય છે આ સરોવર ઉપર જતાં મારા મનને નવી અસર પ્રાપ્ત થઈ મેં વિચાર ઘણા કર્યા પણ આખર તેની વ્યર્થતા હોવાને લીધે તેવા મનોરથનો મેં તીરસ્કાર કર્યો.

સરોવરના પેલે કિનારે જવાનો ઉપાય હતો નહીં જોકે મારા શહેર તથા કુટુંબ તથા સેનાથી મારો વિયોગ હતો તો પણ તે સરોવરને પેલે પાર જવાની ઉત્કંઠા થઇ, ચતુંદશ દ્રષ્ટિ નાખતાં ચારે તરફ મેં જોયું, એક તરફ મને ભાસ થયો કે સામેથી લાકડું આવેછે ખરેખર તે કલ્પનીય ભાસસત્ય ઠર્યો. તે લાકડા ઉપર મેં આરોહણ કર્યું, આસપાસથી ઠંડી વાયુ-ની લહેર વડે કરીને આ લાકડું સરોવર મધ્યને પ્રાપ્ત થયું ગ્રીષ્મરૂતુ હોવાને લીધે અતી વિહ્વલીત એવા મારા શરીરના ઉપર મંદ મંદ વાયુએ સ્પર્શ કર્યો તે સ્પર્શ થતાં મારો શ્રમ દુર થયો આ કાષ્ટ ઉપર સુખેથી નિંદ્રાવશ થાઉં એવી

રીતે આ આસકતીવાશ મને પોતાની મનોવૃત્તિ દોડાવી.

કવી લોકો કહે છે કે મનોરથો નામ ત્રટ પ્રપાતા જેમ નદી ચારે તરફ વેગથી પોતાના પ્રવાહ સાથે ચાલે છે, તે વખતે જેવી કીનારાઓની રેતીના ઢગલા વારંવાર પડે છે તેમ યૌવન રૂપી વેગવાન આ દેહની અંદર મનોરથ રૂપી એક પછી એક વિચારો થયા કરે છે

હે પ્રીય ભાઈ નૂતન આવી રીતે વિચાર સાગરમાં ડુબતો ડુબતો સરોવરના પારને આવ્યો કિનારા ઉપર હાથ દઈ લાકડા ઉપરથી જમીન ઉપર ઉતર્યો આ સરોવરને ત્યાગ કરી આગળ ચાલ્યો, આગળ ચાલતાં મારા કર્ણું ઉપર મધુર અને મનોરંજક એવો અને જાણે સ્વર્ગમાંથી ઉર્વશી અપ્સરા આ ભૂમંડલ ઉપર ગાન કરતી હોય ની શું! આવો આલૌકિક ધ્વનિનો અકસ્માત થયો તે કોણ ગાય છે? તે જોવા મનોવૃત્તિ દોડી તે યુવતીના સ્વર ઉપર ધ્યાન દઈ જે જગ્યાએ ગાન થતું હતું ત્યાં ગયો આ ગીત ગાનાર ચપળ નયની ચીતની ચોર ઉર્વશી અપ્સરાથી પણ સ્વરૂપવાન, ચંદ્ર સમાન જેનું મુખ પ્રકાશ ને પામેલું છે વિધ વિધ ઉત્તમ પ્રકારના આભૂષણોથી અલંકૃત ભરપુર કામદેવની સ્ત્રી રતી અને રંભા જેવી દેવ સુંદરીને પણ પોતાના તેજમાં આછાદિત કરવા વાળી જેના નાક ઉપર નથડી ચંદ્રની કળાના પ્રકાશથી થરથર

સુશોભીત થઇ રહી છે એવી અને રતી જાણે કામદેવને સંગીત શાસ્ત્રથી આનંદ દેવા આવી હોયની શું! જેને પોતાના રમણીય એવા શરીર ઉપર સુંદર સાડી ધારણ કરી છે હાથની અંદર સુવર્ણના કંકણો શોભી રહ્યાં છે જે હાથણીની સમાન ચાલની ચાલવા વાળી બીજી પદ્મીની હોયની શું! કમનીય સ્તનોના ભારથી જેનું અરધું અંગ નમી ગએલું છે એવી સુંદરી પોતાના નયનોથી જાણે અમૃતનો વર્ષાવ કરતી હોય ની શું! જાણે ગગન વીહારી ચંદ્રમા આકાશના વીહારને ત્યાગ કરી પૃથ્વી ઉપર આનંદથી પ્રવાસ કરવા આવ્યો હોયની શું!.

અરે મીત્ર નૂતન આ સ્ત્રીનું ગાવું, આ સ્ત્રીનું મંદ મંદ હાસ્ય કરવું તેને હું તો શું પણ કોઇ મનુષ્ય વર્ણન ન કરી શકે.

આવી સૌંદય સંપન્ન સ્ત્રીને મેં જોઇ આ સ્ત્રીએ પોતાના હાથમાં વીણા ધારણ કરી હતી જાણે સરસ્વતી દેવી વિદ્યા વિનોદ કરતા હોની ની શું! મારી આટલી વયમાં મેં આવી કોઇ સ્ત્રીને નીહાળી ન હતી. હે પ્રયિમીત્ર આ સ્ત્રીને જોઇ મુને ભુષ્ય અને ભુષણ પદાર્થ કયું છે તેની માહીતી મળી નહીં રાત્રીના વખતથી શાંતીને પામેલું વન દેખાયું તેની અંદર સ્ત્રીના ગાનના અવાજથી જેઓને અત્યંત પ્રીતી અને

આનંદ મળ્યો છે એવી હરણીઓ પોતાના પતીની સાથે વીહાર કરતી તે જગ્યોએ ગીત સાંભળવા બેઠીઓ આ સ્રીની ચારે તરફ હરણની સભા ભરાઇ બેઠી જાણે વનદેવી પોતાના વનચર પ્રાણીઓને ઉપદેશ કરતી હોની શું! તેની માફક આ સરોવરના કીનારા ઉપર નુતન આવી ર્ભાવ વાળી કચેરી ભરાઇ આ વખતે મારી ચીત વૃતી, મારા અવયવો, મારૂં મન, મારૂં શરીર, તે યુવતીમાં જાણે લીન થયું હોયની શું! એમ પ્રતીતી જણાઈ; હું ચપળ નયનીનાં ચંદ્ર સમાન મુખ ઉપર ધ્યાન દઇ ઉભો રહ્યોતો. જોકે ઘણા દીવસની નીદ્રાને પ્રાપ્ત નહોતો થયો તેણે કરીને નીંદ્રાને આધીન થવા શ્રમને પામેલ દેહ તૈયાર થયું, પરંતુ ચકોરી ચપળા પ્રેમીને આનંદ આપવા વાળું મુખ કમળ; ભોગી ભ્રમરથી નુતનોત પત્તિ વાળું કમળ જેમ ત્યાગી નથી શકાતું તેમ આ મારા હજુ સુધી અત્રપતી-ને પ્રાપ્ત થએલા નયનોથી તે છોડાયું નહીં.

આ મુગ્ધાની એક તરફ સરોવર બહુ શોભતું હતું. મનોહર વનમાં વિચીત્ર તથા દીવ્ય વૃક્ષો ઉપર પક્ષીઓનાં જોડાંઓ કલ્લોલ કરતાં હતાં, વૈંડુર્ય મણીથી શોભાયમાન સ-રોવરની શીલાઓ શોભી રહી હતી, નીર્મળ જલથી ભરપુર જલાશયમાં હંસ કારંડવ ચક્રવાક તથા સારસ પક્ષીઓ શોભી રહ્યાં હતાં આવા રમણીય સ્થાનમાં આ ચપળ નયની શોભી

રહી હતી. હે પ્રીયભાઈ આના મૂખ કમળથી તીરસ્કારને પામેલો ચંદ્ર જાણી આ મુગ્ધાનું દર્શન કરવા સ્થીર થઈ રહ્યા હોયની શું! આવા આનંદદાઇ સમયમાં મોટું વિઘ્ન ઉપસ્થીત થયું. યુવતીના ગાનમાં હું તથા સર્વે પ્રાણીઓ લીન થયા તે વખતે મારી નજરે જે શીલા ઉપર યુવતી બેઠી હતી તે શીલાની પાછળ એક ભયંકર સીંહ લપાઇને બેઠેલો નજરે પડયો આ સીંહને જોઇ ઘણા તર્કો ઉત્પન્ન થયા, આખરે મેં વિચાર કર્યો કે આ સીંહ સામી રહેલી શીલા તળે સંતાઈ ટોળું વળી બેઠેલા હરણ યુથને મારશે, માટે લાવ તે સીંહને અહીંથી કોઇ ન જાણે તેમ બાણથી વીંધી તેનો નાશ કરૂં.

આવા વીચારથી મેં મારા ધનુષ્યમાં એક બાણ સાંધી તે કેસરીને માર્યું તે કેસરીના પ્રાણ મારૂં બાણ વાગતાં પંચત્વને પામ્યાં મરણના શરણ થતી વખતે તે સીંહે મને કહયું કે "જ્યાંથી તું નર પીસાચ આવ્યો છે ત્યાં જા" આ વચન સાંભળતાં જેને કમકમી ઉત્પન થઇ છે એવો હું આપણા શહેર બહાર રહેલા કુસુમ બાગમાં પડયો આ બાગમાં આવી મેં એ મન હરણીના મુખનું ધ્યાન કર્યું, પરંતુ તે મુખનું મને બરોબર ભાન થયું નહીં. માટે હે ગીત જ્યારથી મેં તે યુવતીને જોઇ છે ત્યારથી આ મારૂં મન તે પંપા સરોવર ઉપર ચોટયુ છે. મારા ગીત્ર જયારે તે તરૂણીને હું મળીશ ત્યારે

કામાગ્નીથી દગ્ધ થએલા એવા મારા શરીરને શાંન્તી મળશે. હે મીત્ર જ્યારથી અહીં આવ્યો ત્યારથી ચંદ્રવદનીના વીચારમાં બેઠો છું. તેવામાં તું આવી પહોંચ્યો. હવે હુ શું કરૂં, ક્યાં જાઉં, મારા શા હાલ થશે, ઇત્યાદીક વીચારમાં લીન થયો છુ. મારો પ્રાણુ જાય તો ભલે જાય, રાજ્ય ગાદી બીજા રાજાને મળે તો ભલે મળે પણ શહેરમાં મારો પગ ધરીશ નહી જ્યારે તે તરૂણીની સાથે રથ ઉપર આરોહણ કરી આ આપણી નગરીની અંદર આવું ત્યારે આ મારા જીવને હું કૃત્ય કૃત્ય માનીશ.

આવી રીતે કહીને કુસુમ બાગમાં તે રાજ કુમારે કોચ ઉપર પોતાનું માથું નાખ્યું. નુતન આ વાત સાંભળીને વિસ્મય ને પ્રાપ્ત થયો, અને કુમારના વિચારને મળવું અથવા ન મળવું એ વીચારમાં ઘેરાયો.

ફીકર નહીં આ રાજ્ય કુમારના વીચારને મળવું. મારે સુખ તથા દુઃખ વેઠી તે સોંદર્ય સંપન્ન સુંદરી આ રાજ્યકુમારને મેળવી આપવી.

આવી રીતે વીચાર કરી તે પણ રાજ્યકુમારે બેસાએલા કોચ ઉપર બેઠો.

પ્રકરણ ૨ જું,

વાર્તાનું સ્પષ્ટીકરણ.

આ સૃષ્ટીમાં સૌંદર્ય સંપન્ન એક અલકા નામની નગરી હતી આ પુરીની અંદર સ્થલે સ્થલે શોભાયમાન મકરાકાર તોરણો લટકાવ્યાં હતાં ફૂળ તથા માંજરવારા કેળના સ્થંભ અને તેના જેવા સોપારીના રોપોથી ઘરો અતીશય રમણીય લાગતાં હતાં શોભાયમાન વિમાનોની પેઠે ઉંચા શિખરોથી શોભતા સુવર્ણમય કિલ્લાઓ, ગોપુરો અને મોટા મોટા ઘરોથી તે નગર શોભી રહયું હતું.

ચૌટાઓ, ગલીઓ અને મારગો તથા અગાશીવારી મેડીઓ ઉપર હવા ખાવા બેઠેલી સ્ત્રીઓ આ શહેરને શોભાવતી હતી. આ નગરીની બહાર કુસુમ બાગ રહેલો હતો, તેથી સંધ્યાના સમયે આ નગરની નારીઓ હવા ખાવા વાસ્તે આ કુસુમ બાગમાં આવતી હતી.

આ નગરની અંદર ચંદ્રસેન નામનો રાજા પ્રજાને પુત્ર સમાન પાલન કરતો હતો આ નગરીનો બાહારનો દેખાવ અતી રમણીય હોવાને લીધે રાજ્યકુમારો અસ્ત્ર શસ્ત્રની વિદ્યા તથા શિકાર વિદ્યા આનંદથી ખેલતા હતા. ચંદ્રસેનને શતક સીંહ નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો, આ રાજ્યપુત્ર ગુણવાન

અને ઘણો બુદ્ધીશાળી હતો. આ રાજકુમારે નિતીશાસ્ત્ર, સૃંગાર શાસ્ત્ર, વૈરાગ્યશાસ્ત્ર, વ્યાકરણ, ન્યાય, વેદાંત અને યોગ ઈત્યાદીક સરવે શાસ્ત્રોમાં સંપુર્ણ અભ્યાસ કર્યો હતો. આ શતકસીંહને નાની ઉમરથી શીકાર ઉપર ઘણી પ્રીતી હતી. તેથી સર્વે પ્રજા તેને વખાણતી હતી નાની વયમાં ચપળતા, હુશીઆરી શુરવીરતા જોઇ તેના પીતા ચંદ્રસેને તેને યુવરાજ પદવી આપી હતી. શહેરની પ્રજા ઉપર શતકસીંહ ઘણી પ્રિતી દેખાડતો હતો, આ ચંદ્રસેનના નવા કારભારીનું નામ લહેરચંદ હતું. જુના ઘરડા કારભારીનું નામ સોમરાય હતું ને તે સોમરાય ઘણો ખટપટી હતો. રાજ્યનું ધન ગુપ્ત રીતે તેને ઘણું પોતાના ઘરમાં એકઠું કરયું હતું ને સોમરાય શાહનો પુત્ર મનહરલાલ હતો તે મનહરલાલની અંદર નામ પ્રમાણે ગુણોનો સંચય ન હતો મનહરલાલ તેના પીતા સમાન થયો. (કહેવત છે કે વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા.)

આ કુછંદી મનહરલાલને ત્યાં નિતી તથા ગુણ સૌદર્ય સ્ત્રી છતાં તેને પિતાની મિલકતના જોરથી શહેરમાં રહેલ ગંગા નામ[illegible]વેશ્યા રાખી હતી, આ વેશ્યાને પણ ઘણું ધન આપી શાહુકાર બનાવી હતી. તે મનહરલાલ પોતાની સ્ત્રી સાથે નહીં રહેતાં ગંગાને ત્યાં ઘણો વખત

[illegible] જાલઠા નગરોના રાજ્યમા લહેરચંદ શેઠ નામના કારભારી થયા હતા લહેરચંદ શેઠની નાની અવસ્થામાં તેને ઘણું દુઃખ સહન કરવું પડયું હતું. લહેરચંદની બાર વરસની ઉમરે તેના પીતા તેનો ત્યાગ કરી પરલોક સીધાવ્યા હતા, એક દીવસ લહેરચંદ પોતાના મીત્રોની સાથે ફરવા ગયો હતો રસ્તા ઉપર ગાડી આવતાં તેને ખબર નહીં પડવાથી તેના પગને ઘણું જોખમ થયું. લહેરચંદની મા લક્ષ્મીએ પોતાના ઘેર આણી તેની ઘણી સેવા ચાકરી કરી દુઃખ પ્રાપ્ત થયા પછી જેનું મુખ કમળ સૂકાઈ ગયું છે એવા લહેરચંદને જોઇ તેની સ્ત્રી ચંપા (પતીના દુ-ખનો આરો આવ્યો નહીં) એમ સમજી તેના મુખ સામું જોઇ રડતી હતી ખરો પ્રેમનો અનુભવ આ દંપતીને જોઈ થતો હતો. આ વખતે લહેરચંદની દશા તમામ દુર્બળ હતી કારભારી સોમરાય લહેરચંદને પીતરાઈ કાકા થતા હતા તેથી લહેરચંદની માતા લક્ષ્મીબાઈ તે સોમરાય પાસે થોડા પઈસા ખાતે ઉપાડવા માટે ગઈ પોતાની ભાભી પોતાને ત્યાં આવી છે એમ જોઇ મદાંધ સોમરાયે લક્ષ્મીને કહયું હે લક્ષ્મી, તું તારા છોકરાને અને કુલ વધને મારે ત્યાં કામ કરવા મોકલે તો [illegible]ને પઈસા તે[illegible] શું પણ શાહુકાર બનાવી મારી પાસે રાખું. આ મર્મ ભરેલાં સોમરાયના વચનો સાંભળી ઘરડી ડોશી થરથર કંપતી બોલી

અરે ભાઇ, તારા પઈસા તારે ઘેર રહયા મારે તારા પઈસા લઇ પઇસાદાર થવું નથી. આવી રીતે કહી ડોશી પોતને ઘેર ગઈ "ગરીબનો બેલી પરમેસ્વર" એ કહેવત મુજબ થોડા વખતમાં લહેરચંદને સુવાણુ થઇ જેવો હતો તેવો થઇ ગયો આસ્તે આસ્તે પોતાને ધંધે ચડયો ચંપા પણ સુલક્ષણા પતીને પામી મનમાં આનંદથી પોતાના પતીની સાથે દીવસો નીગંમન કરવા લાગી. લહેરચંદ શેઠ દૈવ યોગથી કારભારીની પદવીને પામ્યા. જેવું ઘરમાં દુઃખ હતું તેવ.જ પરમેશ્વરે સુખ આપ્યું. પરંતુ

या सुंदरी सा पति नाथहीना,
या संपति साच्च भवेत् कुरूपा; ॥
यत्र द्वयो स्तत्र सुतस्य हानी,
यत्र त्रयो तत्र भवेत दरीद्रम्. ॥ १ ॥

અર્થાત જે સુંદર રૂપવાન સ્રી હોય છે તે સ્રીને પતિ હોતો નથી જે સ્રી સંપતિ વાળી અને અનુકુલ પતિવાળી હોય છે તે સ્રીની અંદર ચપળતા તથા રૂપ હોતું નથી અને જે ઠેકાણે સ્રી તથા પુરૂષ યોગ્યાવસ્થાવાળા હોય ને ઘરની અંદર સંપતિ સારી હોય તેને ઘેર સંતાન હોતાં નથી અને જે ઘેર સ્રી પુરષ સારા છે ને પુત્ર કન્યાઓનો વધારો છે તે ઘરની

અંદર દરિદ્રતા હોય છે આ ઉપરનું વચન કલીયુગના લક્ષણને ગળતું આવે છે.

ઉપર પ્રમાણે ચંપા તથા લહેરચંદનું જોડું સાનુકુળ હતું પઇસા તરફથી ઇશ્વરની કૃપા સારી હતી તોયપણ પુત્ર અથવા પુત્રી રૂપી સંતાન ન હતું ફકત આ ચીંતા રૂપી શોક સાગરની અંદર બંને ડુબતાં હતાં. પોતાને ઘેર રહેલ ચાલાક ગુણવાન સર્વથી મળતો વિધતા વાળો સર્વ ગુણોથી સંપન્ન નુતનચંદ્રને જોઈ આનંદને પામતાં. અને તેઓ પોતે દત્તક પુત્રની સમાન માની તેને સારી રીતે અભ્યાસ કરાવતા હતા. નુતન પણ પોતાના પિતાની સાથે રાજ્ય દરબારમાં જતો તેથી તેને અને કુમાર શતકસીંહને પરસ્પર ઘણો મીત્રતા રૂપી પ્રેમ જોડાયો હતો. મનહુરલાલ ઘણો પ્રયત્ન કરી પોતાના પીતાના કહેવા પ્રમાણે આવતા સમયમાં પ્રધાન પદવી મેળવવા માટે શતકસીંહ સાથે પ્રિતી બાંધતો હતો પણ તેઓની પ્રિતી વધતી નહિ નુતનચંદ્ર શતકસીંહ સાથે પ્રિતી જોડવા અત્યંત ખુશી ન હતો કારણ કે, "રાજા, વાજા અને વાંદરા, તે સર્વ અરખાં." તે કહેવત પ્રમાણે જો કે ઘણી પ્રિતી વધારવાની મરજી ન હતી, તો પણ સદગુણવાળો હોવાને લીધે તેના ઉપર શતકસીંહ ઘણો પ્રેમ દેખાડતો હતો. આવી રીતે ઘણો વખત વીતી ગયા પછી એક દીવસ શીકાર ઉપર ગયેલો

શતકસીંહ મૃગના પછવાડે દોડતો દોડતો ઘણે દુર ચાલ્યો ગયો તેવામાં અગમ્ય ગુફામાં તે મૃગ સંતાઇ ગયું આ શતકસીંહ ચારે તરફ રખડયો પરંતુ તે મ્રગ તેના જોવામાં આવ્યું નહીં મ્રગ પાછળ દોડવાથી અત્યંત શ્રમીત થયેલો શતકસીંહ પોતાને ઘેર આવવાને ઘણો આમથી તેમ ફર્યો, પણ પોતાની નગરીનો રસ્તો નહીં જડતાં અતિ ગહુવર જગ્યોએ ગયો, તે જગ્યોએ જતાં સારૂં ફલ ન મળ્યું ઉલટું તેને ત્યાં સ્ત્રી જોયાથી કામાન્ધ બની મદન વ્યાધીને પ્રાપ્ત થઇ ઘેલું બનવું પડયું. વાંચક વૃંદ ઉપર ગયા પ્રકરણમાં કહેલો કામાતુર મનુષ્ય તેજ આ શતકસીંહ સ્ત્રીના વિયોગથી અને સીંહના શ્રાપથી પોતાના કુસુમ બાગમાં આવી વીરહાગ્નીથી વ્યાપ્ત થઇ બેશુદ્ધ પડયો હતો તેવામાં તેનો પ્રિયમીત્ર નુતને તેને કોચ ઉપરથી જગાડી બે શુદ્ધ થવાનું સર્વ કારણ પુછ્યું.

પ્રકરણ ૨ જું,

કુસુમ બાગમાં કુસમાવતી.

મ્હેન કુસુમાવતી ચાલ આ તરફ આપણે ફરીએ, જવા જવા દે આ બેન રંભાને પુલ વીણવા, જોતો ખરી આ તરફનો રમણીય દેખાવ કેવો સરસ લાગે છે વેલો કેવી આનંદથી વસંત રૂતુ પ્રાપ્ત થવાને લીધે ખીલી રહી છે જાણી આ પ્રદેશમાં સુખેથી સુઇ રહીએ અને ઘેર ન જઇએ તો સારૂં જોતો ખરી, પેલું કદમનું ઝાડ કેવું ઘટાવાળું છે આવી રીતે આવી રીતે આ કુસુમબાગની અંદર માલતી નામની કુસમાવતીની દાસી કુસુમાવતીને કહે છે કુસમાવતી કુસુમ જેવીજ હતી સુકોમળ હોવાને લીધે શ્રમથી ખીન્ન થઇ ગઇ હતી. ઘડીમાં પોતાની ચોળીની અંદર રહેલા પત્ર કહાડી અત્યંત વિલાપથી અશ્રૂઓને સારતી હતી વળી જ્યારે માલતી ની નજર કુસમાવતી ઉપર પડતી ત્યારે તે પોતાના મુખ કમળને આનંદમાં લાવી તેને ચોગ્ય જવાબ આપતી વળી શ્લોકને વાંચતી પોતાના પ્રેમીને યાદ કરતી નિંદ્રાવશ મનુ-ષ્યની માફક પોતાના સુંદીર અવયચોનું ભાન નહીં રાખતાં

જમ આવે તેમ ઘેલી થઇ બકતી હતી આ કુસમાવતીને ક્યાંઇ ચેન પડતું ન હતું તેઓના ઘરમાં સારા સારા માણુસો આવતા પણ તેની સાથે આ કુસમાવતી પ્રશ્નનો ઉતર આપતી હતી. એકાંતમાં પોતાના શયન ભુવનમાં રહેતી ત્યારે મનને આનંદ આપવા માટે સારા સારા નીતીમય પુસ્તકો વાંચતી આવા પુસ્તકો વાંચતા તેને કંટાળો ઉપજતો હતો. ઘડીકમાં વાંચે અને ઘડીકમાં તે પુસ્તક ઉપર પોતાનું મસ્તક રાખી ઉંડા વીચારમાં પડતી. એક વખતે તે કુસમાવતીને સ્વસુર ગૃહમાં કોઇ જગ્યાએ આનંદ ન મળતાં પોતાની નણંદ રંભાના રૂમમાં ગઇ ત્યાં ગઇ તો ખરી પણ ત્યાંથી ઉઠવા લાગી કારણ કે આ રંભા પોતાની સાહેલીઓ સાથે સૃંગારીક વાર્તા વિનોદ કરતી હતી તે વાર્તાવિનોદ આ કુસમાવતીને શોક સમાન લાગતો હતો. કુસમાવતીને ઉઠતી જોઇ રંભા બોલી કુસુમ ભાભી તમને તો ક્યાંએ ચેન નથી પરતું, નિચેના રૂમમાંથી અહીં આવ્યા તો પણ શાંતી ન વળી માટે તમારા શયન ભુવનમાં જાઓ હમણાં મારા ભાઇ આવશે.

આ[redacted]ભાના વચનો આ વખતે કુસુમાવતીને સારાં ન લાગ્યાં આ હાંસી મશ્કરીના મંડળમાંથી ઉઠીએ તો સારૂં એમ સમજી ત્યાંથી ચાલી નીકળી પોતાના શયન ગૃહમાં

આંવી કાદંબરી નામનુ પુસ્તક હાથમા લીધું પણ તે પુસ્તક પ્રિય નહીં લાગવાથી પોતાની ચોલીની અંદર રહેલ શ્લોકને બહાર કાઢી વાંચવા લાગી.

વસંસ્થ વૃધત.

સુરો હીણીના વીણુ ચંદ્રમા દીસે,
પ્રીયા વીના જેમ તે કામદેવ છે;
અંગા વલી તે કુસુમા વલી વીના.
તથૈવ હું છું કુસુમાવતી વીના.

વાહ, શું પદ રચના, શું લખવાની છટા, કેવો પ્રેમના આવેશ, પદોની કેવી મીઠાસ, શું મુખચંદ્રની લાવણ્યતા, ઓ પ્રેમદેવ, તારા પ્રેમની બલિહારી છે, અરે, નુતન, તારે ગભિણડી બાળાના આ હાલ નહોતા કરવા. આમ વિલાપ કરી એકદમ બે બાકરી ચેર ઉપરથી પલંગ ઉપર પડી.

વાંચક વૃંદ નુતન એક સદગ્રહસ્થનો છોકરો હતો તેની માતા પ્રેમદા તેને નાની વયની અંદર છોડી મરણ પામી હતી. આનુ તનના પીતાએ શેલજાવરી નામની સદગ્રહસ્થની છોકરી સાથે વિવાહ કર્યો હતો, તે પછી પોતાનાકાર્યમાં રહી આનંદ

માનતોહુતો તે ચંદ્રકીશોર પોતાના નુતનચંદ્ર નામના પુત્ર ઉપર ઘણો સ્નેહ રાખતો હતો થોડા દીવસ થયા પછી નુતનની આર માતા શૈલગૌરી આવી જે મહા પ્રપંચી હતી તેણીએ આવતા વખતે એકદમ પોતાના પતિ ચંદ્રકીશોરને પોતાના વશ કરી લીધો હતો,

આવી રીતે ઘણા દીવસો ચંદ્રકીશોર શેઠના આનંદમાં લી થયા ઇશ્વર સાનુકુલ હોવાથી ચંદ્રકીશોરે પોતાની નવ સ્ત્રીમાં પુત્રરત્ન ઉત્પન્ન કર્યું. નુતન પણ પોતાને ભા થયો એમ સમજી મનમાં ઘણો આનંદ માન "प्राप्तेतु पंचमे वर्षे विद्यारंभं चकारयेत्" આ વા થોડા દીવસની અંદર નીશાળે જવા તે બાળક પેલું ધોરણ બીજું ધોરણ એમ કરી આસ્તે આર ઉમર મુજબ મેટરીકની પરીક્ષા પસાર કરી, આ વ નચંદ્રએ બી. એ. એલ. એલ. બી. ની પરીક્ષા પસા હતી. હવેથી નુતનભાઈનું પોઝીશન વધવા લાગ્યું તે અપર માતાને ઈર્ષા ઉત્પન થઇ જો કે નુતનચંદ્રના ઘ વાંકાચુંકા પોતાના પતિ ચંદ્રકીશોર પાસે કહેતી હતી ચંદ્રકીશોર તે વાત ઉપર ધ્યાન આપતો નહીં.

હવે આ નુતનનું વેવીશાળ થયું તે વેવીશાળ

ચંદ્રાવતી નગરીના રહેવાશી નગર શેઠ સામજી મહેતાને ત્યાં કરવામાં આવ્યું હતું, આ સામજી મહેતાની પુત્રીનું નામ કુસુમાવતી હતું. આ કુસુમાવતી એ પણ સારા કુટુંબમાં રહી સંસ્કૃતમાં કાદંબરી ઇત્યાદી નવા સાહીત્યો તથા ઇંગ્લીશની મેટરીકની પરીક્ષા પસાર કરી હતી આ બન્ને જોડલાં અભ્યાસમાં કુશળ હતાં તે યુવતી પતિવૃતા ધર્મમાં રહેવા ઘણી ઔતસુકયતા ધરાવતી. દૈવે કરીને પોતાને પતિ પણ સાનુકુલ અને વિદ્વાન મલ્યો એમ સમજી પોતાના મનની અંદર સંતોષ માનતી હતી.

તે નુતનચંદ્રએ પોતાના સસરા ત્થા સ્ત્રી ઉપર કુંવારેથી પત્રનો વ્યવહાર રાખ્યો હતો, એક વખતે પ્રાતઃકાલમાં નોકર કાગલ લઈ પોતાના શયનગૃહમાં આવ્યો તેને જોઇ એકદમ પલંગ ઉપરથી ઉઠી નોકરના પાસેથી કાગલ લીધો નોકર ગયા બાદ તે કુસુમાવતીએ કાગલ ફોડી જોયું તો પોતાના હઇયાનાહાર પ્રાણપતિનો કાગલ છે એમ સમજી તે કાગળને ચુંબન લીધું, નયનોમાંથી પ્રેમાંસુ નીકલ્યાં. કાગળ વાંચ્યો મનની અંદર હર્ષના અનેક પ્રકારના તરંગો નીકળવા લાગ્યા, આ પત્રની અંદર એક શ્લોક લખ્યોહતો.

વંશસ્થ વૃત.

સુ રોહીણીના વીણુ ચંદ્રમા દીસે,
પ્રીયા વીના જેમ તે કામદેવ છે;
ભ્રંગાવલી તે કુસુમાવલી વીના,
તથૈવ હું છું કુસુમાવતી વીના.

ઉપરને શ્લોક વાંચી મન ઘણું આનંદને પ્રાપ્ત થયું આ પત્રને ઉતર શો આપવો તે વીચારમાં પડી વીચાર કર્યા પછી અત્યંત સારી ગોઠવણીથી પદ રચના કરી પત્ર લખી મોકલ્યો તે કાગળને નુતનચંદ્ર વાંચી હર્ષને પ્રાપ્ત થયો હતો આવી સુલક્ષણી સુંદીર નવયોવના પ્રાપ્ત કરી પોતાના દેહને કૃત કૃત્ય માની આનંદમાં દીવસો ગુજારવા લાગ્યો આવી રીતે બેઉ પરસ્પર જોડલાં આનંદ રૂપી સમુદ્રમાં શાંતિ રૂપી નાવ ઉપર આરોહણ કરી આનંદમાં ઝુલતાં હતાં, તેવામાં દૈવ રૂપી તોફાન આવી પડયું

આ નુતનચંદ્ર કુસુમાવતીના પ્રેમમાં એટલો લીન થયો હતો, કે તેને એક ચિતારા પાસે કુસુમાવતીની છબી એકહજાર રૂપીઆ ખરચી ચિત્રાવી હતી તેને જોઈ હમેશ આનંદમાં ગુજારતો હતો આ વાતની તેની અપર માતા શઇલગૌરીને ખબર પડી, તેને જાણ થતાં તે શઇલગૌરીએ ચંદ્રકીશોરને સર્વ વાત જણાવી તે જાણી ચંદ્રકીશોર પો-

તાના પુત્ર નુતનચંદ્ર સંબંધી ઘણો ખેદીત થયો.

આવા યુવાન ને ભણેલા બાળકને શું કહેવું એમ જાણતો હતો છતાં તેને કાંઇ વીચાર થયો નહીં.

શાસ્ત્રમાં કહેછે કે:—

लाडयेत् पंचम वर्षाणी, दश वर्षाणी ताडयेत्;
प्राप्तेच शोडषे वर्षे पुत्र मित्र मिवाचरेत्.

જો કે ચંદ્રકીશોર શેઠ સર્વ જાણતા હતા તથાપિ ક્રોધને વશ થઇને સમીક્ષામાં સર્વ સમજાવી નુતનચંદ્રને એકપત્ર લખ્યો, પત્ર લઇને માણસ નુતનચંદ્રના બંગલે આવ્યો અંદર પ્રવેશ કરી નુતનના હસ્તમાં પત્ર આપ્યો આ પત્ર જોઇ નુતનચંદ્રને વાંચવાની ઉત્કંઠા થઈ પત્ર વાંચવા માંડયો.

ચી, નુતનચંદ્ર

લખવાનું કે આવી રીતે ભણીને વિદ્વાન થયેલા અને સુધરેલા મનુષ્યોના આવા પરિચાલ હતા હશે ખરા! પ્રીય નુતન તું આવો વિદ્વાન છતાં કાંઇ વીચાર કર્યા વીના આવા અવિનયી રસ્તે મારી સંગ્રહેલી મીલકતની યથેચ્છા પ્રમાણે ...વે છે. હજુ પરણવાને તો વાર છે છતાં આ...ી તું સ્ત્રી ...થયો, શું મનુષ્યોને પોતાના બાલકોને ઘણો અભ્યાસ ...વાથી આવા ફલ ઉત્પન થતાં હશે ખરાં! બહુ

દીલગીરીની વાત છે કે તેં આટલો અભ્યાસ કરી કેળવાયેલી બુદ્ધિનો શ્રેય ઉપયોગ કર્યો નહીં. વીશેષ લખવાનું કે હવેથી આવું કામ ફરી કરશો નહીં. થોડું લખ્યું ઘણું સમજશો.

હુ છુ તારો પીતા ચંદ્ર[illegible]

આ પ્રત્ર વાંચતાં ઘણો વિસ્મયતાને પ્રાપ્ત થઇ વીચાર કરવા લાગ્યો, અરે પીતા[illegible] [illegible] રૂપી અપર માતાના વચનાનુસારે આ કોમળ [illegible] વચન રૂપી બાણથી વિંધો નહીં. અહો [illegible] કે જે પ્રીય કુસુમાવતીના સાથે પ્રેમ જોડલો અને [illegible] પીતા તરફથી ધિકકાર મલ્યો. શું પ્રેમા પ્રેગીને નહિ ચાહતો હોય, ફીકર નહિ અહો પીતાશ્રી આ બાળક હવે તમારી સંકાશથી દુર થાય છે મારી અપર માતાને તમો ખુશીથી આનંદિત કરી આનંદ અર્પો. આવો વીચાર કરી એક કાગળ લઇ પોતાના સાસરા તરફ લખવા બેઠો તેમાં લખ્યુ

પીતા તુલ્ય સસરાજી

સસરા[redacted]એ શબ્દથી બોલાવતા મને ઘણીજ શરમ થાય છે આજથી તમારે અને મારે જે સબંધ હતો તે નષ્ટ થયો છે હું આજે કાંઇ કારણથી મારા ઘરનો ત્યાગ કરી

ચાલી નીકળ્યો છુ. તમારી પુત્રી કુસુમાવતીનો વીવાહ યોગ્ય સ્થાને કરશો, એજ.

લી. અભાગી નુતનચંદ્ર.

આવી રીતે કાગળ લખી રહ્યા બાદ કુસુમાવતીને કાગળ લખવા તત્પર થયો.

અરધાંગના કુસુમાવતી

તુને હમેશ ચાહનાર તારો પતિ નુતનચંદ્ર આજે વિદેશ ગ્રહણ કરી આ ભારત ભુમિ ઉપર અગોચર મુસાફર થઇ ફરશે માટે હું તને સમજાવું છું કે કોઇના કહેવા ઉપર ન ચડી તારા પીતા જ્યાં તારો વિવાહ કરે ત્યાં તું પરણવા ખુશી થજે, પુર્વના સંચિત હશે તો મળીશું કાંઇ ફીકર કરીશ નહીં

લી. અભાગી નુતનચંદ્ર

ઉપર લખેલા બેઉ પત્ર બંધ કર્યા. પોતાના પીતા ઉપર લખવો બાકી રહયો છે એમ સમજી કાગળ લખવા બેઠો,

તીર્થસ્વરૂપ માતુશ્રી તથા પીતાશ્રી

વિશેષ લખવાનું કે આ બાળક તમોને વિશેષ લખવા યોગ્ય નથી તોયપણ લખેછે કે, આપે એકઠી કરેલી પુંજીને સાથે લઇ સ્વરગમાં જશો, જરૂર તેમ મને ભાસે છે ફીકર નહિ

ખુશીથી છાતી સાથે બાંધીને સુખી થાઓ તમારી મીલકતને આ અભાગી નુતનચંદ્ર નથી ચાહતો. આજથી તમારો પુત્ર આ દુનીઆ રૂપી સમુદ્રમાં અગોચર મોજાની માફક મુસાફર થઇ અગમ્ય સ્થળે અથડાશે. કાંઇ ચીંતા કરશો નહીં. જેવું તમો મુને સુખ આપતા હતા તેવું હું મારી વિદ્યા દેવીના આધારે મેળવી શકીશ પણ હાલ કાંઇનહીં મારી માતુશ્રીને કહેજો કે હવેથી આનંદમાં મોજ કરે એજ.

લી. અભાગી નુતન

શોકાતુર નુતનચંદ્રએ ત્રણે કાગળો નોકરને ટપાલે નાંખવા મોકલ્યા નોકર ગયો એમ સમજી ઘરની અંદર જવ. ... કરવા લાગ્યો તેવામાં સવિતાયે અસ્તાચલને આલીંગ... થોડા વખતમાં નિશામુખ પ્રાપ્ત થયું. અંધકાર પોતાના પ્રભાવ ફેલાવા લાગ્યો ઘુડ પક્ષિને આનંદ પ્રાપ્ત થયો, તારાઓ પોતાના પ્રકાશથી રજનીને શોભાવા લાગ્યા, તેવામાં અગ્નિની સમાન કાંન્તીવાળા ચંદ્રનો ઉદય થયો, કુમુદીનીઓ ચંદ્રને દેખી આનંદથી ખીલીને [redacted]ાવા લાગ્યું, જાણી આખું જગત શાંતીના સરોવરમાં પેઠું હોયની શું! એવી રીતે જણાતું હતું. આ વખતે શીતળ પવન સર્વ પ્રજાને આનંદ આપતો

હતો રાત્રિએ બરાબર રમણીયતા જમાવી, આ વખતે નુતનચંદ્રએ પ્રાતઃકાળમાં વેલી આવતી સ્ટીમરમાં ચડી અલકાપુરી તરફ પ્રયાણ કર્યું

વાંચકવૃંદ તેજ આ કુસમાવતી પોતાના સાચા પતિના વિયોગમાં ખોલો લખેલો નુતનચંદ્રનો શ્લોક વાંચી વિરહાંસુ પાડતી હતી આ ન કુસમાવતી તથા માલતી કુસુમ બાગમાં ફરે છે તેવામા એકદમ કુસુમાવતી બોલી "આ સામે કોણ" ઉપરનું વાક્ય બોલી કુશુમાવતી મુરછાને પ્રાપ્ત થઈ.

પ્રકરણ ૪ થું,

સંસારની ખટપટ.

ચંદ્રાવતી નગરીના નગરશેઠ સામજી મહેતા પોતાના દીવાનખાનાની અંદર બેઠા હતા તેવામાં ટપાલનો વખત થયો, ટપાલી ટપાલ લઈને આવ્યો ટપાલ જોતાંજ નુતન-ચંદ્રનોપત્ર માલુમ પડયો, તે વાંચી ઘણા દીલગીર થયા પણ લાચારીને લીધે શું કરે! આખર કુસુમાવતીનો સંબંધ કયે ઠેકાણે કરવો તે વીચાર કરવા લાગ્યા.

કુસુમાવતીને પણ નુતનચંદ્રનો પત્ર આવ્યો છે, તે નુતનચંદ્રના ગયાથી ઘણી દુઃખી થઇ પણ અબળા જાતી શું કરે પરાધીન હોવાને લીધે જેમ પીતા કહે તેમ કરવાને તઇયાર થઇ.

તે કુસુ[illegible]ના પીતા સામજીમહેતાએ એક અલકા-નગરીના કારભારી સોમરાયના પુત્ર મનહરલાલ સાથે તેના લગ્ન કર્યાં. (પુત્રીએ પીતાની આજ્ઞા પાળવી)એ મ સમજી પીતા કહે તેમ વરતવા લાગી, કુસુમાવતીના લગ્ન જો કે

મનહુહરલાલની સાથે થયાં તોપણ કુસુમાવતીનું મન હમેશાં નુતનચંદ્ર ઉપર પ્રીતી ધરાવતું, આ હૃદયની અંદર નુતનની છબી વીધાતાએ પ્રથમથીજ છાપી હતી તેથીજ રાત્ર દીન તેનું રટન કરતી હતી. નુતનચંદ્ર મને નહીં મળે, એમ સમજી મનનું સમાધાન કરી શોક સાગરમાં ડુબતી.

થોડા દીવસ પછી કુસુમાવતીનો મોટી ધામધુમ સાથે વીવાહ થયો વીવાહની અંદર સર્વેને આનંદ હતો પણ આ કુસુમાવતીને આનંદને બદલે શોક વ્યાપી રહયો હતો.

થોડા દીવસમાં સાસરે જવું પડયું. પણ નુતનચંદ્રથી જોડેલો સ્નેહ તેનાથી તોડી શકાયો નહીં. સાસરામાં રહેતી પણ કોઇ દીવસ જ્યારે તેને નુતનચંદ્ર યાદગીરીમાં આવતો ત્યારે પોતાની પાસે રહેલો નુતનચંદ્રનો પત્ર કહાડી વાંચીને પોતાના મનને ખુશી કરતી. અને વિલાપ કરી વ્યાખ્યામાં ડુબતી.

નુતનચંદ્રને જો કે પોતાના પીતાની આજ્ઞાથી અથવા અપર માતાના દ્વેશથી પરદેશ નીકળવું પડયું પણ કુસુમાવતીને તે કદી ભુલતો નહીં ને હમેશ તેનું રટન કરતો

હતો. અને કુસુમાવતીના ઉપર મોટી ઉમદો ધરાવતો હતો, આખર તે વીચારે હવાના મ્હેલની માફક નકામા થયા હતા. નુતનચંદ્ર સ્ટીમરમાંથી ઉતરી અલકાપુરીના કુસુમ બાગની મોટી સડકના રસ્તા ઉપરથી ચાલ્યો જતો હતો. આ નુતનચંદ્ર પાસે કાંઇ ભાર ન હતો, માલ સાધારણ અને નાની સરખી ટંક હતી, તે પણ મજુરે ઉપાડી હતી. હમેશ ગાડીમાં ફરવા વારો અનેક વૈભવને ભોગવવા વારો આ નુતનચંદ્ર અલકા નગરીમાં પ્રવેશ કરતાં મનની અંદર પોતાની વર્તમાન સ્થીતીના ઉદગારોને બાહાર કાઢતો હતો.

[ગજલ]

થયો વિદેશવાશી હું, રહયું નહિ પાસમાં કાંઇ;
કરૂં શું હું વિધાતાઓ, નથી મુજ પાસમાં કાંઇ.
નથી શિર કાંઈ રે દેવું, નથી શિર કાંઇ તો લેવું;
બની બે ભાન છે રહેવું, નથી મુજ પાસમાં કાંઇ.
અજાણ્યો ને અભાગી હું, વળી વાલી વિયોગી છું;
વિયોગે મરણનો થાઉં, નથી મુજ પાસમાં કાંઇ.
જગતમાં જન્મ લીધો છે, લલાટે લેખ લીધો છે;
લીધો છે લેખ તો શાને, રડે છે ને મુંઝાયે તું.

ઘવાયો પ્રેમથી શાણો, તથાપિ સુખને માણો;
વિષયમાં દુઃખતો જાણો, કરો ના પ્રેમથી પ્રીતિ.
કુસુમનું નામ હું જપતો, નહિ તજતો રટણ કરતો;
રટણના રંગને ભાંગી, વિધાતા વેરણી જાગી.
થશે જે જે લખ્યું તે તે, વિધાતાએ વિચારીને;
કથીરમાં રત્ન કેમ શોભે, સુવર્ણે કાચ ના ઓભે.
મોટાના માનને લોભે, એવી એ સુંદરી કયાંથી;
નથી લાયક હું અજ્ઞાની, મુને કયાંથી મળે જ્ઞાની.
નસીબે છે લખાવ્યું એ, ભટકવું પ્રથ્વીમાં તે તે;
અહો દૈવે દગો કીધો, સંસારી લાવ ના લીધો.
સતી ગઇ સુંદરી શાણી, વનીતા વ્હાલ વાળો હું;
રહયો ઘરનો નહિ તોરો, ઉરે છે એકલી તું તું.

આહા પ્રેમ કેવી અદભુત ચીજ છે? પ્રેમમાં કેવા ચમત્કારો સમાયેલા માલમ પડે છે? બરાબર તે યોગ્ય છે. પ્રેમથી પરાજયને પામેલું મારૂં મન હજી સુધી પણ કુસુમાવતીની તૃષ્ણા છોડતું નથી. અરે મુખં મનઠા તું તારી જાતે સમજ, તેમાં હું તુને શું સમજાવું, એક સમય કુસમાવતી તે એક કુસમાવલી હતી. અને તું તે કુસમાવ-

લીની અંદર વિહાર કરનાર ભોગી ભ્રમર હતો, તે સમયે કેવો હતો અને આ સમય તુંને કેવો પ્રાપ્ત થયો છે. તેં તારા પ્રેમ પુર્વક કુસમાવતીની શોધ કરી, પોતાના મદમાં ઉન્મત બનેલો તું જે વખતે તું તેને સ્વહસ્ત કરવા તત્પર થયો, તે કુસમાવલીની સમાન તે કુસમાવતીને ભોગવવા તારી નજીકાવસ્થા આવી અને કૂસમાવલી પણ બરાબર ખીલી તેવા સમયમાં દૈવ રૂપી વિઘ્ને કુસમાવલી તથા ભ્રમરના સંબંધને દુર કર્યો. કુસમાવતી તારા હાથથી ગઇ અને તું તેના પછવાડે ઘેલો થયો. અરે મન હજુ સુધી પણ તુંને તે તરફથી કાંઇ ગ્લાની ઉત્પન્ન થતી નથી તેજ આશ્ચર્ય છે. કુસમાવતીએ મારા ચીત્તને બરાબર હરણ કર્યું પણ શું કરૂં કયાં જાઉં; કોઇપણ રસ્તો સુજતો નથી. અરે કુસુમ તું વિચાર કર પીતાજીને તો દયા ન આવી પણ તારો શું મારા તરફથી પ્રેમ ગયો, અરે પ્રેમ કયાંથી ઉત્પન્ન થાય કોઇ બ્રહ્મ હત્યા કરી પાપી બને પણ મેંતો સ્નેહ હત્યા કરી માટે અતિશે શોક કરવો વ્યર્થ છે. વિશ્વરૂપની હત્યાથી ઇંદ્રને જેમ પ્રાયશ્ચિત કરવું પડયું હતું તેમ મારે પણ તારા અને મારા પરસ્પર સ્નેહને દાખલ પ્રથ્વી ઉપર અટન રૂપ પ્રાયશ્ચિત કરવું પડશે. ઓ કુસુમ તારા વચનો તારો હર્ષના ઉદ્દગારો અને તારા વિચારો તે હવે મારા હૃદયને શલ્યરૂપ થઇ દુઃખી

કરે છે. માત્ર તેને તારા વીના રૂઝાવનાર આ ફાનિ દુનિયાની અંદર અન્ય કોઇ વૈદ્ય જોતો નથી.

દ્રુતવિલંબિત વૃત્ત.

પતિતાપ ઘણો મને સાંભળે, વચન શલ્ય દહે મુજને ખરે.
વચન વાણી સુધા સુણુવા જતાં, વળી વિધે અધિરોજ બનાવીયો.
કુસુમ તું રમણી નમણી અતિ, અજબ છે ઉમદા તત્ર આકૃતિ
રતિ રમા થકી પણુ છે અતિ, તુચ્છ ગણું તુજ આગળ એ તતિ,
ધનવંતરિ સર્વ રોગને, હુણુશે એ વળી તે ભલી ભાતથી.
જગતામાંજ નથી ધનવંતરિ, અવતરિ પણુ પ્રેમ પીડા હુરે.

અનુષ્ટુપની ચાલ.

બોલતો એટલું મનમાં, ગ્લાનીથી કરમાઇને.
તનમાં જ્ઞાનની વાણી, રહી ના ઉર છાઈને.
ચકોરી ચાંદની જેમ, શિર કેશ રહ્યા ઘણા.
વેણીને કીંકીણી શબ્દો, નુપુરોમાં નહિ મણા.
હૃદયે રાજતી રામા, કુચથી પુલ વાસીની,
વાસીનીને ખરે ત્યાગી, ભમરો ભુલતો ફરે.

એવી રીતે અનેક તર્ક વિતર્ક કર...સ્તા ઉપર ચાલ્યો જતો હતો, તેવામાં તેની દ્રષ્ટિએ એક શ્વે ઘોડા

વાળી ગાડી નજરે પડી, તે ગાડીને જોઇ સર્વે મનુષ્યો આજુબાજુ ખસવા લાગ્યા, અમલદારો અદબસર ઉભા રહ્યા આ ઉપ થી નુતનચંદ્રએ વિચાર કર્યો કે આ ગાડીની અંદર કોઇ મોટો અમલદાર અથવા રાજા કોઇપણ મનુષ્ય આ તરફ આવતું હોવું જોઇએ, આવો વિચાર કરી નુતનચંદ્ર સર્વની સરખાઇમાં આવી એક બાજુએ ઉભો રહયો તેવામાં તમામ જોરથી તે ગાડી ત્યાંથી નીકળી ક્રમાનુસાર સર્વએ તેમની સલામ લીધી આ ગાડીની અંદર અલકાપુરીના નવા કારભારી લહેરચંદ બેઠેલા હતા. તેમની નજર ચારે તરફ પડતાં આ તરૂણ પુરૂષ ઉપર પડી તેને વિચાર થયો કે આ કોઇ પુરૂષ અજાણ્યો અને અન્યની સહાયતા લેવા માટે ઇચ્છિા રાખતો જણાય છે, એમ સમજી કારભારી સાહેબે તે વખતે ત્યાંજ ઘોડાગાડીને ઉભી રાખી અને ઇશારતથી અજાણ્યા આદમીને બોલાવ્યો નુતનચંદ્ર કારભારી પાસે ગયો વાર્તાલાપ કરતાં લહેરચંદના સ્નેહની ઉર્મી નુતનચંદ્ર ઉપર પડી કારભારીએ અજાણ્યાને આશ્વા-સન આપતાં પોતાના ઘેર લઈ ગયો લહેરચંદની સ્ત્રી ચંપા તે પોતાને પુત્ર સંતાન ન હોવાથી આ પોતાના ઘરની અંદર આવેલ નુતનચંદ્રને પુત્ર સમાન ગણી લહેરચંદથી અધિક સ્નેહ રાખતી હતી. થોડા દીવસ નુતનચંદ્રને તે

ઘરની અંદર અજાણ્યાની માફર રહેવું પડયું. થોડા દીવસમાં ઘરનો, શહેરનો તથા બજારનો વાકુફ થયો. અમુક સમય પછી લહેરચંદ શેઠના ઘરનું કામ પોતે તપાસી લીધું. એથી લહેરચંદ તથા ચંપા બન્ને તેના ઉપર પ્રસન્ન રહેતાં હતાં. એક વખતે રાજમહેલમાં યોગીરાજના પધારવાથી લહેરચંદ-શેઠનું ત્યાં ગમન થયું હતું યોગીરાજને પ્રજાએ તથા રાજાએ અનેક પ્રકારના પ્રશ્નઓ પુછયા તે સર્વનું સમાધાન યોગીરાજે સારી રીતે આપ્યું આવો યોગીરાજનો ચમત્કાર જોઇ રાજાએ સારૂં ઇનામ તેને આપ્યું તે લઇને ગામ બહાર ગયા ત્યાં કુસુમ બાગમાં રાજાના કુમાર શતકસીંહ સાથે એક બેચ ઉપર બેઠેલા નુતનચંદ્રને દીઠો, તેને નીરખી યોગીરાજે પોતાના જ્ઞાનનું પરિબલ વધારવા એકદમ તેજ વખતે સર્વને આશ્ચર્ય કરવા સમાધિ ચડાવી સમાધિ ચડાવતાં તે યોગીરાજને ભુત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણે કાલની માહીતી મળી તથા નુતનચંદ્રના ચરિત્રની ખબર પડી તેજ વખતે યોગીરાજ નુતનચંદ્ર પાસે ગયા અને સર્વ તેની વિદેશ નિકલવાની સર્વ હકીકત કહી જણાવી આ સર્વ વારતાલા[illegible] સાંભળીને નુતનચંદ્ર આશ્ચર્યને પામ્યો આખર તે યોગીરાજે જણાવ્યું કે હે બેટા નુતનચંદ્ર તું અત્યારે અહીં રાજાના પુત્ર શકતસીં-હને રાખી વહેલો જા અને તારા વિયોગના વિરહથી

દુઃખી [illegible] કુસમાવતીના દુઃખોને કાપી તમે બંને સુખી થાઓ. [illegible] કે તેજ કુસમાવતી આ શહેરની અંદર સોમશર્મના પુત્ર જુગારી વેશ્યાના યારી મનહરલાલની સાથે પરિણિત [illegible] લીધે રહેલી છે, તે કુસમાવતી અવર કામને છોડીને રાત અને દીવસ તારૂં નામ જપ્યા કરેછે. માટે ઉપસ્થિત [illegible] નહીં છોડતાં તેની પાસે જા. બીજું વળી તે કુસુમવતી પોતાની સખીઓની સાથે આ બાગની અંદર વિહાર કરવા આવેલ છે માટે ઘણું કરી તેનો સમાગમ તુંને [illegible] થશે. પછી તું તેને સાથે લઇ જ્યાં જવું હોય ત્યાં જજે; [illegible] સર્વે મનોરથ સિધ્ધ થશે. અને જગતમાં [illegible] થશે [illegible] ઘણો વિલબ ન કરતાં જલદી જઇ તેનો ઉદ્ધાર કર. આ વાત સાંભળતાં નુતનચંદ્રને કુસુમાવતીની યાદગીરી પડી તેજ વખતે મુનીરાજને નમસ્કાર કરી ત્યાંથી ચાલતો થયો (પ્રિય વાંચકવૃંદ આપણે ઉપરનો સંબંધ ગ્રહુણ કરીએ કે પ્રકરણ ત્રીજાની અંદર કુસમાવતી કુસુમ બાગમાં (આ સામે કોણ) આટલા શબ્દનો ઉદ્ધાર કરી મુર્છાને પ્રાપ્ત થઇ હતી, તેજ કુસુમાવતી આ નુતનચંદ્રને બાગમાંથી આવતો જોઇ [illegible]તેનું આગમન દેખી આશ્ચર્યને પામી. કુસમાવતીએ દુરથી ચાલ્યો આવતો જે નુતનચંદ્ર તેને દ્રષ્ટિ ગોચર કર્યો હતો, પરંતુ કુસુમાવતીને નુતનચંદ્રએ જોઇ નહોતિ.

કુસુમાવતીની સખિ માલતીએ પોતાની સખીને ખીન્ન થયેલી જોઈ તાલવૃક્ષના વૃંદને હાથમાં લઈ વાયુથી સુખ આપવા લાગી થોડી વાર થયા પછી તે કુસુમાવતીને દ્રઢ નિશ્ચયની સાથ "આ નુતનચંદ્રજ છે" એવો આભાસ થયો.

"મારા વ્હાલા નુતનચંદ્ર તમે કયાં હુતા" આવા શબ્દો ઉચ્ચાર કરતી આનંદમાં મશગુલ થતી નુતનચંદ્રની સુરતને અનિમેષ વાલા નેત્રથી પીવા લાગી, થોડા સમયમાં નુતનચંદ્ર વૃક્ષથી આછંદીત થયો, જાણે કુસમાવતીના હૃદયથી દુર થયો હોયની શું! અતએવ તે કુસમાવતી નુતનચંદ્રને જોવા માટે આમતેમ ફરવા લાગી, નુતનચંદ્ર દ્રષ્ટિ ગોચર થતાં તે પોતાનો પતિ હોયનેજ શું! તેમ તેને ચાહવા લાગી, તતઃ આ તરૂણ પુરૂષ તેના સમિપમાં આવ્યો એટલામાં કુસુમાવતી ઘેલી સ્રીની માફક બહાવરી બની પોતાની સખીઓની શરમ નહીં રાખતાં તે તરૂણ પુરૂષને ભેટી પડી.

આ વખતે પ્રેમનો આબેહુબ ચીતાર પ્રતિત થયો હતો. બન્ને જોડલાં પરસ્પર નીરખી પ્રેમાંસુને સારવા લાગ્યાં. મેઘ જાણે પોતાના સાથે રહેલી વિજળીને શોભાવેછે તેમ, આ પણ ણ કુસમાવતીને શોભાવા લાગ્યો. વર્ષા રૂતુમાં મેઘ આવ્યાથી પ્રાણીઓને આગળની આજીવિકા માટે જેમ નિર્ભયતા પ્રાપ્ત થાય છે તેમ આ દુઃખ રૂપી અર્ણવમાં પુરૂષ રૂપી મેઘ

આવવાથી સંસારમાં સુખ વહન કરવાને નિભંચના પ્રાપ્ત થઇ

આ નુતનચંદ્ર તે કુસમાવતીને નીરખી આનંદ સુધાને પ્રાપ્ત કરી પોતાની પ્રીયા કુસમાવતીને છાતી સાથે ચાંપીને કહેવા લાગ્યો, પ્રીયે આ તારા ફડકતા હૃદયને શાંત કર. શોક રૂપ વાદળથી આછાંદિત થયેલા તારા મુખચંદ્રને કાંતિમાં લાવ. પ્રીયે આ બાગની અંદર ઘણો વખત રહેવામાં શ્રેય નથી, માટે જો તમારી મરજી મારી સાથે ચાલવા હોય તો સુખેથી ચાલો, નહીં તો તમારી ઇચ્છા, એટલું કહી વિરહથી બળતા એવા ઉર સ્થલને તે કુસમાવતીના ઉર સ્થળથી દબાવી ચુંબનથી આનંદનો અનુભવ કરવા લાગ્યો. કુસમાવતી પણ નુતનચંદ્રની સાથે જવા તત્પર થઇ. માલતી પણ "પોતાની સખી જાય છે" એમ સમજી પોતે પણ તેઓની સાથે જવા ઉત્કંઠા ધરાવતી ચાલતી થઇ.

(યોગીરાજના પ્રતાપથી ખોવાઈ ગયેલું રત્ન મુંને પાછું મળ્યું.) એમ સમજી નુતનચંદ્ર કૃત્ય કૃત્યતા માનવા લાગ્યો. આ બાગમાં ત્રીમુતિ જ્યાં કુમાર શતકસીંહ બેઠેલો હતો ત્યાં જવા તત્પર થઇ.

વાંચકવૃંદ અનેક પ્રકારના વિનોદ સ્થાનો રાજ્યમાં હતા, તથાપિ અંતઃપુર શુન્ય દેખાવા લાગ્યું, કુમાર શતકસીંહ શિકારથી પાછા ફરી કેમ નહિ આવ્યા હોય, ઇત્યાદી વિચા-

રોમાં સર્વે શુધાય. અંતઃપુરમાં શતકસીંહુ [illegible] કુરા-
એ પોતાના સ્વામીને સર્વ વાત કહી અને શતકસીંહુ માટે
પુછયુ, રાણીના વચનો સાંભળી મહારાજાને શતકસીંહુની
યાદગીરી પડી અને તેજ વખતે ઘોડેસ્વારોને ચારે તરફ
દીશાઓમાં શતકસીંહુની શોધ કરવા આજ્ઞા કરી. તે રાજાને
આ ફાનિ દુનિઆની અંદર શતકસીંહુ એકજ પુત્ર હતો.
અત એવ રાજા ઘણો દિલગિર થયો અને પરમેશ્વર પાસે
શતકસીંહુની આયુષની વૃદ્ધિ માટે યાચના કરવા લાગ્યો.
કારણ કે ભયંકર વન વિષે ગયેલો પુત્ર તેનું આગમન કેવી
રીતે થશે? ઇત્યાદિ વિચારોમાં શુકિત થઇ ઇશ્વરની સ્તુતિ
કરતો હતો. પુત્રનો શોક હોવાને લીધે રાજાએ ઉદાસ થઇ
રાજકારભાર પ્રધાનને સોંપી પોતે પ્રભુમાં પ્રીત લગાવી અખં-
ડાનંદને અનુભવવા લાગ્યો.

હવે આપણે નુતનચંદ્રના પીતા ચંદ્રકિશોર તરફ જોઈએ
પ્રાતઃકાલ થયો ચંદ્રએ અસ્તાચલને આલિંગન આપ્યું.
સવિતા ભગવાને ઉદયાચલ ઉપર આરોહણ કર્યું સર્વ સ્થળે
આનંદ વર્તાઇ રહયો. ભકતજનો ભાવેથી ભગવાનની મધુર
સ્વરથી સ્તુતિ કરવા લાગ્યા. પનીયારીઓથી [illegible]નો
માર્ગ આ વખતે આનંદને આપતો હતો. બરાબર સુર્યોદય
થયાથી સર્વે મનુષ્યો પોત પોતાના ધંધા ઉપર જવા લાગ્યા

પ્રાતઃકાળમાં બરાબર સાત વાગ્યાનો સમય થતાં પોસ્ટમેન ટપાલ લઈ શહેરમાં ફરવા લાગ્યા, થોડા વખતમાં ચંદ્રકીશોર શેઠની દુકાન ઉપર પત્રનો સમુહ એકઠો થયો, શેઠ ચંદ્રકીશોરની ગાડી હમેશના સમયાનુસાર ટપાલ તપાસવા આવી શેઠને આવતા જોઇ ટપાલનો સમુહ વાણોતરે તેમના સમીપ રાખ્યો. (પ્રથમ ગ્રાસે મક્ષિકા) તે કહેવત પ્રમાણે આરંભમાં નુતનચંદ્રના હાથનો લખેલ પત્ર માલમ પડયો. આ પત્ર જોઈ આજ ઘણું તે શેઠને આશ્ચર્ય થયું. કાગળ ફોડી વાંચી રહ્યા કે તરત દિલગીરી ઉત્પન્ન થઇ. પોતે પુત્ર ઉપર લખેલા કાગળને યાદ કરી મનમાં ઘણો સંતાપ કરવા લાગ્યા. મનની અંદર શોક કરતા અન્ય ટપાલ જોવા વાણોતરને આજ્ઞા કરી ઘર તરફ રવાના થયા. નુતનચંદ્ર ગયાની શઇલગૌરીને ખબર પડી કે તુરત તે આનંદમાં આવા વિચાર કરવા લાગી; "ભલે ટળ્યો પીટયો તે ગયો તો મારા વ્હાલા પુત્રને સુખ થશે, અને મારી સર્વ સંપતિ તેને મળશે. હવેથી હું અહુનિંશ આનંદમાં રહી તેને સારા કપડા પહેરાવીશ અને હમેશ તેના મનો- [redacted]મું જોઈ આનંદને માનીશ. આજે મારા આનંદનો તો પારજ રહયો નહીં. સુખના સાગરમાં આવતું વ્યવધાન રૂપી તોફાન આજે દુર થયું." ઇત્યાદી વિચાર

કરતી અને આનંદમાં મસગુલ થતી હતી. "શેઠ ઘરમાં આવ્યા છે," એવી ખબર મળવાથી શેઠ ચક્કીશોરની સેવામાં શાઇલગોરીને જવું પડયું.

જુઓ જુઓ પુત્ર ઉપર અપર માતાનો કેવો પ્રેમ! વાંચકવૃંદ પોતાને એક પુત્ર છતાં અન્યસ્ત્રીનો સ્વિકાર કરે છે તેઓ પોતાની અમર કીર્તીને નાશ કરી શ્રેષ્ટાઇ નહીં પણ મુર્ખતાઇ પ્રગટ કરે છે કારણ કે તે નુતન સ્ત્રી તમારા શ્રેયને નથી યાચતી તો તમારા સંતતિનું શ્રેય કયાંથી યાચે! માટે પુત્ર છતાં અન્ય સ્ત્રી કરવી તે ઘણું નઠારૂં છે. આ પ્રમાણે નહીં સમજનારાઓ આખર તેઓ પરિણામે પરિતાપ પામે છે.

પ્રકરણ ૫ મું,

અગમ્યં સ્થાન.

મંદ મંદ વાયુની લહેર વાય છે પુષ્પોની સુગંધ ચારે તરફ બહેકી રહેલી છે. વસંતની શોભા ખીલી [illegible] નવોદ્દભવ પુષ્પોથી શોભી રહ્યાં છે. અને ચારે તરફ શાંતિ પ્રસરી રહી છે. ભ્રમરો ગુંજાવર શબ્દ કરી એક પુષ્પ

ઉપરથી બીજા પુષ્પ ઉપર જઈ સુગંધને ગ્રહણ કરે છે. વળી પક્ષીઓનો અવાજ પણ આનંદ જનક થઇ પડયો છે. આ સમયે મંદ મંદ વાયુની સાથે ઝોકાં ખાતો પોતાના મનની અંદર વિચાર કરે છે કે હું કયારે તે સુવદનીને મળીશ તે રમણીય રામાથી મારો કામાગ્ની કયારે તૃપ્ત થશે. અને તેનાથી મારો અન્તરાત્મા કયારે વિરામશે, અહો જગતનિયંતા પરમેશ્વર તે નવયૌવના સાથે મારો મેળાપ તું કયારે કરીશ, જેથી આ અસાર સંસારને પણ સાર સંસાર સમજું અહાહા શું તેની શોભા, કેવું તેનું કમનીય યૌવન, શું તેના ગુલાબ સરખા ગાલ, કપોલ ભાગની કેવી રમણીયતા, શું તેની તરૂણાવસ્થા, (અફસોસની સાથે) હાય હાય તે રમણીય આ અભાગી જીવને કયાંથી મળે, સ્વર્ગનું પુષ્પ આ મૃત્યુલોકના માનવીને શું યોગ્ય છે? તેની ચટકતી ચાલથી હંસણીઓ પણ લજ્જાસ્પદ થાય તેમાં શી નવાઇ? તેની બોલવાની તથા ગાન કરવાની છટા તે સરખાવતાં રંભા પણ કશા હીસાબમાં નથી. અહાહા કેવી ઈશ્વરી માયા, તે શાક્ષાત માયા હોયની શું! તે માયાનું સૌંદર્ય સ્વરૂપ નીરખી હું વિરહા બની ગાંડો [redacted] છું.

એવી રીતે તે તરૂણ વિરહના વિકારને ભજતો અત્યન્ત દુઃખી થતો, શોકાગ્નીથી વ્યાકુલ થતો આ પક્ષેથી આ

પડખે ઘડીકમાં બેશે ને ઘડીકમાં ઉઠે, તથાપિ મનને આનદ નહીં મળતાં અનેક પ્રકારનાં હૃદયોદ્ગારો કાઢતો ફરતો હતો.

વાંચકવૃંદ તે પુરૂષ કોણ હતો તે તમો સમજ્યા હશો કે શતકસીંહ નામનો રાજાનો પુત્ર કુસુમબાગમાં વિરહ વેદનાને ભોગવે છે તે વખતે તે બગીચામાં સામેથી બે સ્ત્રીઓની સાથે એક પુરૂષ આવતો દેખાયો, તેઓને જોઇ શાંતિ પ્રાપ્ત થઇ. જાણ્યું કે આજ મારો મિત્ર નુતન જે મહારી સહાયતામાં રહી વનોવન ભટકી મારો સમાગમ તે અગલોચનીની સાથે કરાવશે એવી રીતે પોતે અનુભવથી મનને આશ્વાસન આપે છે, તેવામાં તેઓ આવી પહોચ્યા. નુતનચંદ્રની સાથે કુસમાવતી તથા તેની સખીને જોઇ શતકસીંહે પુછ્યું કે આ કુસમાવતી તેની સખીની સાથે તારી સાથે કેમ આવેલા છે, આવુ વાકય સાંભળી નુતનચંદ્રે પોતાની જન્મ કથા તથા કુસમાવતીનો સબંધ તે સર્વ બિદિત કર્યું તે સાંભળી શતકસીંહને આશ્ચર્ય સાથે હર્ષના ઉદગારો ઉત્પન થયા, પરંતુ તેને વીચાર થયો કે (આ બંને જો કે આવ્યા છે, પરંતુ અમને ઘણા [redacted] થશે.) એવો મર્મ પોતાના મનમાં રાખી કહ્યું કે હે પ્રિય મિત્ર નુતન આ કુસુમાવતી તથા તેની દાસી તે બંને ભલે આંહિ-

દીવસો ગુજારે અને જ્યારે આપણે આવીશું ત્યારે તેને પોતાની સાથે રાખીશું એટલુંજ શુંણુતાં પતિવૃતમાં પ્રિયતા ધરાવવાવાળી કુસમાવતી બોલી ઉઠી, રાજકુમાર ઘણું થયું, તે નહીં બને. મારા સ્વામીનો સમાગમ તે મારાથી કદી છુટશે નહીં, માટે જ્યાં મારા સ્વામી જશે, ત્યાં હું જઇશ. અને તેના સુખે સુખી, અને તેના દુઃખે દુઃખી થઇશ. વળી પતિમાં પરાયણ રહેવું તે સ્રીયોનો સાચો ધમ છે. પોતાના પતિની સેવા કરવી, પતિનું વચન ઉલ્લંઘન ન કરતાં તેને આધિન થવુ. પતિ જે કહે તેજ કરવું સતિને યોગ્ય છે. માટે મારા નાથને હું કદી પણ ત્યાગ કરવાનીજ નથી. ઘણા દીવસ વિરહથી ગુજાર્યા, હવે તો એક ઘડી પણ વર્ષ જેવી થાય છે એવુ સાંભળી નુતનચંદ્ર હસ્યો અને કહેવા લાગ્યો કે "મારી ડાહી મધુકરી તમો જરા ગભરાશો નહીં, હું તમારા સમીપજ છું. તમો મુને તમારા કપાટસ્થળમાં બંધ કરી પેક કરો, પછી હું કયાં જઇશ." એટલું કહી નુતનચંદ્ર શશિ સરીખા સ્રીના મુખારવિંદ તરફ જોઇ રહયો. શતકસીંહે પણ તેની વાતને અનુમોદન આપ્યું થોડા વખતમાં કુસુમબાગથી અઘોર વન તરફ આ ચતુર્મુર્તિ ચાલી.

વાંચકવૃંદ! પહેલાં જ્યારે શતકસીંહ તે વન તરફ ગયો હતો, તે વખતે તેને જતાં ઘણોજ ભય તથા ઉદાસીનતા પ્રાપ્ત

થઇ હતી પરંતુ આ વખતેતો તેની સાથે ઘણા માણસો હોવાથી થોડા સમયમાં તેનો સમય આનંદથી વ્યતીત થયો ચાલતાં ચાલતાં અઘોર વનમાં તેઓ આવી પહોંચ્યા જે વનની અંદર કોઇ મૃત્યુ લોકનું માનવી જણાતું નથી વાઘ વરૂ ઈત્યાદી અનેક પ્રકારના પશુ પરસ્પર દ્વેષ ભાવથી વિચારતા નથી શ્વાન ઈત્યાદિ ગ્રામ્ય પશુઓનો જરાપણ શબ્દ સંભળાતો નથી સિંહાદિકના મોટા અવાજથી જે વન ઘણું બિહામણું લાગતું હતું તે સમયે તેને ચારે તરફ ફેલાતા અંધકારે તેને મદદ આપી હતી કારણકે સુર્યનારાયણ અસ્ત થઇ સંધ્યા કાલ પણ વ્યતીત થયો હતો રાત્રી પડવાથી ભયંકર પ્રાણીઓના શબ્દ વિશેશ કર્ણ પથમાં આવવા લાગ્યા, આવા ભયંકર વનમાં કુસુમાવતી જો કે ઘણી ભયભીત અવસ્થામાં આવતી, તોયપણ પોતાના પતિ તથા શતકસિંહની સહાયતાથી પોતાના હૃદયને શાંન્તિ આપતી હતી, એવી રીતે પરસ્પર સહાયતાને પ્રાપ્ત થઈ. તે મંડલી વનની ગુફાઓ તથા પહાડો ઉલંઘન કરી એક ભયંકર વટ વૃક્ષની નીચે આવી સહુને પુછતાં વિચાર કર્યોકે (સર્વએ આંહિ સુઈ રહી આજની રાત્રી આંહીજ ગુજારવી) એવું મુકરર કરતાં સર્વેએ ત્યાં પોતાને યોગ્ય વ્યવસ્થા કરી, નિંદ્રા દેવીને આધિન થયાં, શતકસિંહ તથા અમાત્ય પુત્ર નુતનચંદ્ર તે બન્ને સમયાનુસાર વનચર પ્રાણીઓથી રક્ષા કરતા હતા

રાત્રી હોવાથી અંધારામાં કશુંએ જણાતું નહોતું ઘણા દીવશની નિંદ્રા ભેગી થયેલી હોવાને લીધે શતકસિંહ નિંદ્રા વશ થયો. આ વખતે બરાબર અરધી રાત્રી વ્યતીત થઇ હતી, કોઇ પ્રાણી બોલતું ચાલતું નહોતું પરંતુ એક પાસેના સરોવરમાંથી રાજહંસ તે વૃક્ષ પાસે આવી ઘણુંજ શાંતીથી બોલવા લાગ્યો અને પોતાના સ્વરે કરી નુતનચંદ્રને પણ આનંદ આપવા લાગ્યો, આવા આનંદ જનક શબ્દો સાંભળી નુતનચંદ્રને પણ નિંદ્રા પ્રાપ્ત થવાની તઇયારી થઇ રાજહુંસ ઝીણા સ્વરથી નુતનચંદ્ર સાથે વાત ચીત કરવા લાગ્યો હુંસરાજ બોલ્યો કે હે નુતનચંદ્ર આ અઘોર વનમાં તું કેમ આવ્યો છે અને આ તારી સાથે રહેલી સ્ત્રી તે કોણ છે નુતનચંદ્રે જવાબ આપ્યો, કે હે વિહંગમ વર્ય હું વણીક પુત્ર છુ આ મારી સાથે રહેલી એક સ્ત્રી તે મારી અર્ધાંગના છે ત્રીજી તેની સાથે રહેલી તેની દાસી છે અને ચોથો આ મારી સાથે રહેલ તરૂણ પુરૂષ તે એક રાજયના પાટવી કુંવર છે તેઓ આગલ એક વખતે વનમાં શીકારને બહાને ફરવા ગયા હતા પરંતુ શિકાર નહી જડવાથી ક્ષુધા તૃષાથી વ્યાકુલ થઈ અઘોર વનની અંદર અગમ્ય સ્થાનમાં ભટકયા, તે સમયે તેણે એક સરોવર દીઠું જે સરોવરના તટ ઉપર રહેલાં વૃક્ષોનાં ફલાદીકનુ ભક્ષણ કરી પોતાની ક્ષુધા તથા તૃષાને શાંન્તી આપી, પછી તેણે સરોવરના

સમીપમાં એક સારો અને મધુર રમણીય સ્વર સાંભળ્યો, સ્વર સાંભળતાં તેને જણાયું કે આ સુર સ્ત્રીનોજ હોવો જોઇયે, તેવો નિશ્ચય કરી તે સરોવરના પરલા કિનારા ઉપર આ તરૂણ પુરૂષ ગયો, તે જગ્યાયે તેની નજરે એક રમણીય સ્રી પડી જેને દેખતાં તેનું શરીર અસ્વસ્થ તથા ઘણું વિંહલ થયું આખર તે સ્ત્રી ઉપર પોતે આશક થઇ અંધ થયો, થોડા વખતમાં રમણીની સમીપમાં છુપાઇને બેઠેલા સિંહને નીરખી તેણે જાણ્યું કે આ સિંહ મારા નયનને આનંદ આપવા વાળી સ્ત્રીને તથા આ ગાન સાંભળવામાં તલીન થયેલા એવા મૃગ યુથને જરૂર હણશે એવું સમજી તેને પોતાના બાણ વડે તેને પંચત્વ પમાડયો મરતાં સિંહ બોલ્યો કે જા પાપી તું તારી ભુમી પર જા આંહી રેવાને તું યોગ્ય નથી આ વાણી ઉત્પન થતાં કુમાર શતકસિંહ અમારી નગરીના બહાર કુસુમ બાગમાં આવી પડયા, અને તે યુવતીનું ચીંતવન કરી વીરહ વેદના વેઠી વિહુવળ થવા લાગ્યા, માટે હે હંસરાજ તે યુવતીનું જે સ્થાન છે તે સ્થાનની અમો ખોળ કરવા નિકળ્યા છીયે. એવું સાંભળી હંસરાજ બોલ્યો કે તમો ગભરાશો નહી હું તમોને તેનો સર્વ વૃતાંત કહું છું.

આ ઉપરથી તમારા સદ્દભાગ્ય સુચવે છે કે તે સુંદરીને તમો મળશો કારણકે તમોએ આ વૃક્ષ નિચે વિશ્રામ લીધો

જો તમો આંહિ ન રહ્યા હોત તો આગલ રાક્ષસો તમોને ભક્ષણ કરત, આંહિથી ચાલતાં મહોટો રાક્ષસનો દેશ આવે છે તેઓ મનુષ્યેનો આહાર કરે છે, જેથી તમારૂં ગમન ત્યાં થયું નહિં, તે ઘણુંજ સારૂં થયું, નહિતો મરણને શરણ થવું પડત અને પાછા આવવાના ઉચાટ રહુત નહિં, મારો એવો નિયમ છે કે આ વૃક્ષના શરણે આવેલા કોઇ મનુષ્યના મનની કોઇપણ ઇચ્છા પુર્ણ કરવી, માટે તમો પણ મારા વ્રક્ષના શરણુછો તો તમારી ઇચ્છા પુર્ણ કરવી એ મારી ફરજછે.

હવે એક ચીતથી સાંભળો કે આ વૃક્ષથી આગળ જતાં એક સુંદર સરોવર આવશે તે જલાશયની સોભા અવર્ણનીય છે રાત્રીએ ચંદ્રમાના ઉદયથી ચંદ્ર વિકાસી કુમુદ વિકાસિત થઈ ઘણી શોભા આપે છે અત્યંત રમણીય સરોવર હંસના સમૂહથી શોભે છે શાન્તિને પ્રસારવા વાળી પુર્ણીમાને દીવસે ખીલેલી અત્યંત ચળકતી ચાંદની હર્ષ તથા આનંદ અર્પે છે તે સરોવર ઉપર એક સુલોચના પોતાના નયનોથી કામીજનોને વિહ્વળ કરતી, ક્રીડા કરવા માટે આવે છે, અને ત્યાં વીણાના સ્વરથી [illegible]ને વશ કરી ગાનમાં સરવને લીન કરે છે તેનું નામ શ્રૃંગારિકા એવું પ્રખ્યાત છે, તે શ્રૃંગારીકા એક અપ્સરાની પુત્રી છે એક રાજર્ષીથી તેની ઉત્પતિ થઇ હતી

તેની માતા ઇદ્રની આજ્ઞાથી રૂષીથી ઉત્પન થયેલ પુત્રીને તે રૂષિનેજ અર્પણ કરી દેવલોકમાં સીધાવી હતી પાછળથી આ શ્રંગારીકા મોટી થઇ પોતાના પીતાની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગી અને તાપસી બનીને પાળવા લાગી એક સમયે પોતાની સખીયોની સાથે વનના વૃક્ષને જલનું સિંચન કરવા જતી હતી તેવામાં એક રાક્ષસે તેનું કમળની માફક કામની યોવન નીરખી ત્યાંથી તેનું હરણ કર્યું, હરણ કરતી સમયે શ્રંગારીકાએ ઘણો વિલાપ કરયો પણ પ્રબળ વિના અબળાથી કાંઈ થયું નહિં.

સખીઓએ આવી, રૂષિને સર્વ હકીકત સંભળાવી તે સાંભળતાં તાપસી ઘણો ભયભીત થયો પુત્રી ઉપર પ્રેમ હોવાને લીધે તેજ વખત તેનો વિયોગ સહન ન કરી શ્રંગારિકાની શોધમાં નિકળી પડયો ઘણુજ અટન કર્યું પણ શ્રંગારીકાનો પતો મલ્યો નહિ આખર ઘણો સમય જતાં તે રૂષિનું કાળે કરી મૃત્યુ થયું રાક્ષસે પણ ત્યાંથી લઇ તે તરૂણી શ્રંગારીકાને પોતાની ગુહાની અંદર બંધ કરી હતી અસુરે પોતાની અનિષ્ટ વાંચ્છના પ્રગટ કરી પરંતુ તે સાભળતાં શ્રંગારીકાને રોમ રોમ ક્રોધ વ્યાપ્યો પણ અબળાથી શું બની શકે અંતે તેની અનિષ્ટ ઇચ્છાને આધિન ન થતાં શ્રંગારીકાએ કહ્યું કે મેં છમાસ પર્યંત વઈખાનસ વ્રત પાળવાનું નિયગીત

કરયુ છે, તેવી રીતે કહી તે અસુરને અનેક પ્રકારના બહાના બતાવી મોટી આશાએ લપટાવી દુઃખને સહન કરેછે, માટે હે નુતનચંદ્ર હજી સુધી પણ તે શ્રંગારીકા દુષ્ટ દઇત્યને આધીન થઇ નથી શ્રંગારિકાની મુદતના બાકી દીવસ ૧૫ પંદર રહયા છે મનુષ્યો કહેછે કે 'સત્યનો બેલી પરમેશ્વર' તે બરાબર છે. સુવદની શ્રંગારીકાની ટેક સાચી હતી તો પરમેશ્વરે તેની સહાય માટે તમોને આંહી મોકલ્યા.

હે તરૂણ પુરૂષ તારા મનની અંદર બરાબર ખ્યાલ કરી વાર્તાને યાદ કરી તું તારા મીત્રની શાથે જે પહાડની ગુફામાં શ્રંગારીકા રહેલી છે, ત્યાં જઇ તેને છોડાવ, કારણ કે તે સુંદરી તમારા સરખા સુંદર પતિની ઇચ્છા ધરાવે છે અતએવ તે રાક્ષસને સ્વાધીન થતી નથી. તમો તે રાક્ષસને મારો, અને તે નાજુક નારીને પરણી પોતાના સ્થાને સીધાવો તે રાક્ષસનું મૃત્યુ તે તેની ગુહાની અંદર પોપટમાં છે, તે સર્વ વાતની ખબર શ્રંગારીકા જાણે છે, તમો ખુશીથી જાવ તમોને કાંઇ વીઘ્ન આવશે નહિ, એવો આશીર્વાદ આપુછું એવી રીતે હંસરાજ પોતાની ફરજ બજાવી નીર્મલ જલ વાળા સરોવરની મધ્યે જઇ કમળ ઉપર આનંદનો અનુભવ કરી ચંદ્રમાનું મુખ નિરખતો હર્ષથી ઝોલા ખાતો હતો.

પ્રકરણ ૬ ઠું,

ખોદે તે પડે

નગરીની અંદર ચારે તરફ શોક રૂપી અંધકાર ફેલાઇ રહયો છે, સર્વેના મન ઉદાસમાં તલીન થયેલા જણાય છે, કુસુમબાગમાં ગયેલી કુસમાવતીનું હરણ થયું. તેને વિશે શાહેરમાં મનુષ્યો પરસ્પર વાતો કરયા કરે છે, થોડા વખતમાં કુસમાવતીની સખીઓ કુસમાવતી વીના પોતાના ઘર તરફ વરીયું, તેઓના ચહેરા ઉદાસ હોવાને લીધે સર્વે તેઓને પુછવા લાગ્યા, પરંતુ તેઓએ જણાવ્યું કે (અમો શું કરીયે કુસમાવતીબાઇ બગીચામાં ફરતા ફરતા કઇ જગ્યાએ ગયા, તે અમોને ખબર નથી. ઘેર પાછા ફરતી વખતે અમોએ તેમની ઘણીજ ગોત કરી તથાપિ તેનો કાંઇ પતો મલ્યો નહીં) આ હકીકત શુણતાં સર્વે વિસ્મત થયાં. કુસમાવતીની ખોળ કાઢવા માટે સર્વે નીકળી પડ્યા સોમરાય શેઠનાતો હાજે હાજા ઉડી ગયા. એ આકુળા થઇ જેમ આવે તેમ સર્વેને બકવા લાગ્યા, ને વઢવા લાગ્યા તેને ફરવા જવા દેવા વિશે ઘરમાં ઘણોજ ઠપકો આપ્યો,

હાય હાય કુસમાવતીના પીતાને હું શું જવાબ દઇશ. એમ કહેતાં દુઃખી થવા લાગ્યા. રાંકના ઘરમાંથી રત્ન ગયું, એમ કહી બેભાન બનવા લાગ્યા. વિશેષ ખોળ કરે, પણ નહીં મળવાથી પોતે ખોળ કરવા જવા માટે તઇયારી કરિ, પણ ડોસા શું કરી શકે, હાથમાં લાકડી લઇ, માથામાં મોટી પાઘડી ઘાલી, મોટું લાંબુ ધોતીયું પહેરી થરથર કંપાયમાન દેહે જેષ્ટિકાની સાથે ડોલતા ચાલવા લાગ્યા, મારી મોટી આબરૂ ગઇ, મને જગતમાં શું કહેશે? ઇત્યાદી વીચાર કરતાં ભયભીત થતાં આસ્તે આસ્તે રસ્તા ઉપર ચાલતા હતા, તેવામાં તેનો પુત્ર મનહુરલાલ આવી પહોંચ્યો, આ મનહુરલાલને રસ્તા ઉપરથી વાતચીતનો ખબર મલી હતી, છતાં તેથી તેને ઘણોજ આનદ ઉત્પન થયો હતો, કારણ કે કુસમાવતી જ્યારે પોતાને ઘેર હતી ત્યારે ભાઈનું જાવું પેલી વેશ્યાને ત્યાં થતું નહોતું. ડોશાને બીમારીમાંથી બે બાકળો ઉઠેલ જોઇ (ડોસા તું કયાં જાય છે) એમ કહી ડોસાની લાકડી ઝાલી ત્યાંજ ઉભા રાખ્યા, ડોસા તરફથી તેને પ્રતીયુત્તર મલ્યો કે તું વર્ણશંકર ઉત્પન થવાથી તારા કરેલા કાળા કૃત્યોના ફળ [illegible]કવા હું જાઉંછું. તું ઉત્પન થયો ત્યાંથીજ મારા ઘરની લક્ષ્મી નાશ થઈ. જ્યારથી વેશ્યામાં તારી મતી જઈ ત્યારથીજ કુસમાવતી દુઃખી થઇ. કુસમાવતી ગઇ તેનો તુંને

જરાપણુ ખ્યાલ નથી. પણ મુર્ખાં તારા બદલ હું બે હાલ શયો છું. જા બુડી મર, મારાથી અળગો રહે. મારી આબરૂ ગઈતો મારે જીવીને શું કરવું, આટલાં વચન શાંભળતા મંદાંધ મનહુરલાલને રોમ રોમ ક્રોધ ઉત્પન થયો, અને તેજ વખતે ડોશાને એક લપડાક લગાવી. બેવકુફ ડફેમકુલ, નાલાયક ઈત્યાદી વચનો કહી પ્રહાર કરવા લાગ્યો, બિમાર ડોશાનાં તો પ્રાણુ અર્ધ આંહિજ પંચત્વને પામ્યાં. તેટલામાં ઘરના સર્વ મનુષ્યો એકઠા થયા. માતાએ મનહુરલાલને સમજાવ્યો રંભા પીતાની સારવાર કરવા લાગી. ડોશાને તેજ વખતે પલંગ પર પોઢાડયા. કારભારી શેઠનો ઘરડે ઘડપણે આ તમાશો દેખવા લાગ્યા. તે સમયે અનેક પ્રકારની દવાઓથી શેઠને સાજા કરવા સર્વ કોઇ ઉપાય યોજવા લાગ્યું. કુસમાવતી કયાં ગઇ અથવા તેનું શું થયું તે વાત તો અલગજ રહી. મનહુરલાલના મોજ મારવાના દીવસોનો અભ્યુદય થયો. હવે મનહુરલાલ શી મણા રાખે, કુસમાવતી છતાં દીવશે તો વેશ્યાને ત્યાંજ રહેવાતું, હવે તો રાત્રી પણ ત્યાં ગુજારવાની થઈ.

હમેશ મંદમંદ તેના હાસ્ય ઉપર મોહી રહી અહર્નિશ આનંદને અનુભવતો, અને મોજમાં માણુતો હતો. પોતાના પીતાનું કહયું નહીં માનતા તેણે મેળવેલી મીલકત્તનો અસદર્થે વ્યય કરતો હતો. કુસમાવતીની ઘણી ગોતાગોત થોડા

દીવસજ ચાલી, પરંતુ તે સર્વ અલેખેજ ગઇ. ઘણા દીવસ થતાં કુસમાવતીની યાદગીરી ઉતરી ગઈ. લાચારીથી સોમરાય શેઠ તેના પીતા શામજી શેઠ ઉપર કુસમાવતીના ખબર લખ્યા. શામજી શેઠને જ્યારે કુસમાવતીના આ હાલની ખબર મલી ત્યારે ગદગદ કંઠથી પુત્રીના વાત્સલયથી આંસુ સારવા લાગ્યા અને સમજ્યા કે (જરૂર મારી પુત્રીને વેશ્યાના યારી મનહુરલાલે વિષ ખવરાવી, અથવા કોઇ બીજાના હાથથી મરાવી તેમાં કાંઇ શંશય નથી.) એવી રીતે વીચાર કરી શામજી શેઠ પોતાનો સર્વ સામાન તઇયાર કરી અલકાનગરી તરફ પ્રયાણ કરવા તત્પર થયા, આંહિપણ મનહુરલાલ હુમેશ વેશ્યાના સમુહમાં મશગુલ થઈ માણતો હુતો. એક રાત્રીના સમયે વીણા મૃદંગની સાથ વેશ્યા મનહુરલાલની સમક્ષ નાચ કરવા લાગી. મનહુરલાલ પણ તેના નાચમાં તલ્લીન થઇ પોતે પણ તેના સાથે નાચવા લાગ્યો. વેશ્યાએ વીચાર કર્યો કે આ મનહુરલાલ ઘણા દીવસ થયાં મારી સથે મોજ શોખ માણે છે અને પ્રતિદીન અહર્નિશ મારી સમક્ષમાં રહે છે જેથી તેને મારી પાસે રહેલો જોઇ મારી જુની ઓલખાણ વાલા મારો મેળાપ કરી શકતા નથી. વળી તેના વ્યવધાન હોવાને લીધે મારી કમાણીમાં પણ ઘણો ધકકો મુને લાગે છે. તેમ છતાં મનહુરલાલ તરફથી પઇશાની આવક પણ ઘટતી

જાય છે. અતએવ જલદીથી આ મનહુરલાલને પોબાર ભણા-વવા એજ યોગ્ય છે.

અરે હું કેમ ભુલું છું મનહુરલાલ તો વજીરનો પુત્ર છે. તેનાથી હું વિરૂધ્ધ આચરણ કરીશ તો મને આપેલા દ્રવ્યની સાથે મારા દ્રવ્યને પણ હરણ કરશે માટે આને તો ઠાર કરવો એજ ઉચિત છે આવી રીતે મનમાં વિચાર કરી ગંગાએ તેજ વખતે સર્વે સગીત સાજને બંધ કરી મનહુરલાલના શયનગ્રહ તરફ જવાનો ઇશારો કરી પોતે પણ તે ગ્રહમાં દાખલ થઇ. શોખીલા મનહુરલાલ પણ અધરામૃતની આશાથી તેની ઇશારતને અનુમોદન આપી રવાનો થયો.

ગંગાંનો આ વિચાર પ્રથમથીજ દ્રઢ થયો હતો, તેણી એની સંબંધી સર્વ સામગ્રી તઇયારીમાંજ રાખી હતી.

વેશ્યાના પ્રપંચી પ્યારમાં ફસાયેલા મનહુરલાલ ચપળા-ના ચંદ્ર સમાન મુખ તરફ એક ટીસે જોઈ રહયો, ગંગા પણ પ્રેમ પરાગમાં મનહુરલાલને ખુબ મોહિત કરી એક સાથે પલંગપર બેસી વાર્તાલાપ કરી, ગંભનના લીંગનથી મનહુરલા-લના મનનેહુરણ કર્યું. ગંગાએ મધની સાથે ઝેરનો પ્યાલો લઇ પ્રપંચી પ્યાર બતાવી પોતાના આશક [illegible] પાયો. થોડા વખતમાં શેઠ પંચત્વને પામ્યા. અબળા જાતિ આવું સબળ કામ કરી બાહોશ બની કોઇ ન જાણે તેમ તેના શબને બાંધી

નદીમાં ફેંકવા જવા તત્પર થઈ, આ વખતે રાત્રી હોવાને લીધે પહેરાના પોલીસો વીના અન્ય કોઈ સુજાગૃત દેખાતું નહોતું. ગંગાને રાત્રીએ રસ્તે ચાલતી જોઇ પોલીસો તેને પુછતા હતા, પરંતુ તેને દાદ નહીં દેતા રૂક્ષ્મત આપી રસ્તે ચાલતી થતિ હતી. આસ્તે આસ્તે ચાલતાં લગભગ શહેરના ચોકમાં આવી પહોંચી. તે ચોકની અંદર એક સીપાઇનો પહેરો હતો. તે સીપાઇને પણ ગંગા સાથે પીછાણ સારી હતી. ગંગાના નશીબે આ સીપાઇએ દારૂ તથા ગાંજો સારી રીતે ચડાવેલ હતો, ગંગા આંહીં આવેછે એમ ન સમજી પોલીસે પુછયું? એસી અંધેરી રાતકુ કોન બેવકૂફ ચલા જાતા હૈ. આવું શાંભળી ગંગાને ધીરજ ઉત્પન થઇ. અને જાણ્યું કે આજે તમામ ભલું થયું. મારા યાર ગુલમહુમદની ચોકી છે, માટે મને કશી હરકત આવે તેમ નથી. મધુકરી ગંગાએ એવો વિશ્વાસ રાખી તે પોલીસને પ્રતીઉત્તર આપ્યો નહીં. થોડી વાર થતાં જવાબ નહીં મળવાથી ગુલમહુમદે ગોળી ચડાવી ગંગાપર ફેંકી. ગોળી વાગતાં નવયૌવના ગંગા મૃત્યુને શરણ થઈ, ભોંય પડતાં બોલી હું ગંગા છઉં. આવો શબ્દ સાંભળી ગુલમહુમદ તેની પાસે આવ્યો અને જોયું તો પોતાની પ્રાણપ્યારી ગંગા પંચત્વને પામી છે. (અત્યારે સર્વ ઉપાયો અયોગ્ય છે. બરાબર ગંગા ગઇ તેમાં કાંઈ શક નથી)

એવા વીચાર કરી ગુલમહુમદે બીંગલ પુંક્યું, તેજ વખતે આજુબાજુના સીપાઇઓનું ટોળું એકઠું થયું. ગંગાને મરેલી જોઇ પરસ્પર કહેવા લાગ્યા કે જુઓ ગુલમહુમદને આ ગંગા ઘણીજ ચાહતી હતી, અને ગુલમહુમદ તેણીને ઘણો ચાહતો હતો પરંતુ ધન્યવાદ છે આ શાણા સીપાઇને કે જેને ચોરીથી જતી રાંડને નહીં છુપાવતાં એકદમ ઠાર કરી. એ રીતે પરસ્પર કહેછે તેવામાં ગુલમહુમદ બોલ્યો, કેસી ભાઇયા આપસમેં બાતેં ચલાઇ હે. યે તો આદમીકા કામ હે. તુમારે જેસે સેં ક્યા હોગા. ખરાબ બેટા હોવે તો બી ક્યા ઉસકી કુચ્છ પરવાર નહીં રખના. ફીટકાર હે તુમારે જેસે કું જો તુંમને થોડે રૂપૈએ લીયે અપના બાદશાહકા હુકમ છોડકે રૂશ્મત ખાકે ઇન રંડીકુ જાને દીયા. મગર દેખો તુમારેસેં આજ મેં રાજાકે પાસમેં કેતના શિરપાવ લેતા હું. એવી રીતે ફુલાતા ગુલમહુમદે ગાંસડી છોડી. તેની અંદર મન હરલાલનું શબ દીઠું. તે શબને જોઇ આશ્ચર્ય ચકિત થયા. તેજ વખતે તે શબને રાજદ્વારમાં લઇ ગયા.

પ્રથમ ભાગ સમાપ્ત.

આગાઉથી થયેલા ગ્રાહકોના નામ.

સીંધ હૈદરાબાદ.

	પ્રત.		પ્રત.
શ્રી. સીતલદાસ આસુદામલ	૨૫	,, હીરજી મેઘજી	૧
લલ્લુભાઇ છગનલાલ	૧	વ્યાસ ભવાનીશંકર	૧
પરસોતમ પાનાચંદ મહેતા	૫	મોટુમલ કીમતરાય	૧૫
જોશી છગનલાલ તુલસી	૨	મોચી ગોવીંદજી ભીમજી	૧
શીવશંકર હરીશંકર	૧	,, રામજી કાળા	૧
આચાર્ય કેશવલાલ ચુનીલાલ	૧	,, ગાભા સવજી	૧
સાધુ નારાયણદાસ	૧	,, નારાયણ પરસોતમ	૧
વ્રજલાલ હરજીવન	૧	,, મોરારજી લીલા	૧
મગનલાલ ઉતમચંદ	૧	,, કરસન કાનજી	૧
પોપટ માધવજી	૧	,, રામજી ભામજી	૧
લલુભાઇ	૧	,, બાવા વસ્તા	૧
ઠક્કર નરશી લાલજી	૧	,, દામજી કલ્યાણજી	૧
શાહ જેઠાલાલ દલસુખરામ	૧	,, દામજી જેઠા	૧
સોની વીરા રાજા	૧	,, ડાહ્યા વીસરામ	૧
,, વ્રજ[illegible] હીરાલાલ	૨	,, પીતાંબર કાળા	૧
સોની મથુરભાઇ	૧	,, હીરજી કલા	૧
લુવાણા દુર્લભરામ	૧	કાનજી રાઘવજી	૧
ખત્રી તુલસી માધવજી	૧	સોની પાનાચંદ પ્રભુદાસ	૧

નામ.	પ્રત
સોની માસા વાલેરા	૧
સંઘવી પ્રેમચંદ ઉજમસી	૧
જોશી છગનલાલ હીરજી	૧
અંબારામ ભીખા	૧
ઇશ્વરદાસ પ્રભુરામ	૧
સોની ઇશ્વરદાસ પ્રભુરામ	૧
દવે વેણીરામ હરજીવન	૧
ડાકટર મગનલાલ વિશ્વનાથ	૧
હરીલાલ વીસનજી મકવાણા	૧
પાઠક ગુણવંતરાય નર્મદાશંકર	૧
ઝાલા દેવીપ્રસાદ અમૃતરાય	૧
પંડયા વસંતરાય ત્ર્યંબકશંકર	૧
કચ્છ-સીનોગરા.	
દવે હરીલાલ ભોલારામ	૧

નામ	પ્રત
મીસ્ત્રી જેરામ કાનજી	૧
,, હીરજી નારાયણ	૧
મોરબી.	
ભટ મંગળજી ભગવાનજી	૨
વઢવાણ.	
મોહનલાલ સુંદરજી	૧
કરાંચી.	
રાવલ દયાશંકર કાલીદાસ	૧
ધનશાનદાસ રણછોડ	૧
મી. છોટાલાલ જે શાહ	૫૦
ગવરીશંકર ઓંકાર	૨
ખુશાલ વાધુમલ	૧
સારસ્વત પ્રાણજીવન	૧
ન્યાલચંદ હરૂમલ	૧

આ ચોપડી મળવાનું ઠેકાણું.

શ્રીદત. કંપની સદરબજાર		હૈદ્રાબાદ-સીંધ.
શુકલ કલ્યાણજી પ્રાણજીવન છોટકી બજાર		,,
ઠકર કેશવજી નથુભાઇ બુકસેલર જોડીઆ બજાર		કરાચી.